ઉત્થાન ગ્રંથાવલિ : સંખ્યા ૨૦

# જ્ઞાનસાધનમાલા

(૧)

સંપાદકઃ

સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ

પ્રકાશક :

સ્વામી સ્વયંજ્યોતિ તીર્થ

જ્ઞાનસાધન આશ્રમ

પો. મુક્તમપુર ( જિ. ભરૂચ )

૧લી આવૃત્તિ

પ્રત ૧૦૦૦

મૂલ્ય : રૂ. ૦૦-૭૫

વિ. સં. ૨૦૨૧

ઇ. સ. ૧૯૬૫

મુદ્રક:

ભાલ મલજી

લિપિની પ્રિન્ટરી

૩૮૦ ગિરગામ રોડ,

મુંબઈ-૨.

—પ્રાચીન અર્વાચીન ભિન્ન ભિન્ન
પુસ્તકોમાંથી વીણી કહાડેલાં એકસો-
આઠ અવતરણોની આ જ્ઞાનસાધન
માલા જિજ્ઞાસુ--મુમુક્ષુઓને નિત્ય-
પાઠમાં ઉપયોગી થાઓ એવી
શુભેચ્છાઓ સાથે हरिः ॐ तत्सत्

# સંજ્ઞાશબ્દાર્થ

| | |
|---|---|
| સ્વા. રા. = સ્વામી રામતીર્થ | ભા. પુ. = ભાગવત પુરાણ |
| શ્રી. રા. = શ્રીમદ્ રાજચંદ્ર | વિ. પુ. = વિષ્ણુપુરાણ |
| સ્વા. વિ. = સ્વામી વિવેકાનન્દ | યો. વા. = યોગવાસિષ્ઠ રામાયણ |
| મ. ન. = મણિલાલ ન. દ્વિવેદી | મ. ભા. = મહાભારત |
| આ. ધ્રુ. = આનન્દશંકર ધ્રુવ | અ. રા. = અધ્યાત્મ રામાયણ |
| વિ. ભ. = વિશાખભદ્ર | આ. પુ. = આત્મપુરાણ |
| ગૌ. બુ. = ગૌતમ બુદ્ધ | શિ. પુ. = શિવ પુરાણ |
| ડૉ. રા. = ડૉ. રાધાકૃષ્ણન્ | ઉ. ગી. = ઉત્તર ગીતા |
| પ્ર. સ્વ. = પ્રવાસી સ્વપ્નદત્ત | મ. સ્મૃ. = મનુસ્મૃતિ |
| રા. પ. = રામકૃષ્ણ પરમહંસ | સા. જ્યો. = સાધનજ્યોતિ |

---

પ્ર. સુ. = પ્રબોધ સુધાકર ( શ્રી. શંકરાચાર્ય )
અ. ભૂ. = અપરોક્ષાનુભૂતિ ( ,, ,, )
શ. શ્લો. = શતશ્લોકી ( ,, ,, )
વિ. ચૂ. = વિવેક ચૂડામણિ ( ,, ,, )
ઉ. સા. = ઉપદેશસાહસ્રી ( ,, ,, )
અ. અ. = અમૃતાનુભવ ( સન્ત જ્ઞાનેશ્વર )

જ્ઞાનસાધનમાલા–૧

૧ . વેદાન્ત મનુષ્યને નકામા અને આળસુ બનાવી દે છે એમ કહેવું ખોટું છે. જેમ જેમ ઊંચું પદ પ્રાપ્ત થતું જાય છે, તેમ તેમ સ્થૂળ કામ બંધ પડતું જાય છે. ઉચ્ચ આજ્ઞાધિકારી મનુષ્ય મજુરોની પેઠે હાથ પગ ન હલાવતાં માત્ર જીભ (સૂક્ષ્મ ઇન્દ્રિયો) ચલાવે છે, પરંતુ તેની એકાદિ આજ્ઞા પણ હજારો મજુરોને દોડધામ કરાવી મૂકે છે, એ જ પ્રમાણે એક સાચો મહાત્મા જેના વિચાર માત્રમાં જ જગત સ્થિત થઇ રહ્યું છે, તે સાંસારિક કામો તો શું કર્યા કરે, પણ જીભ સરખીયે ન હલાવે, ઉપદેશ પણ ન કરે, તો પણ તેનો સત્ય સંકલ્પ સેંકડો કે હજારો ઉચ્ચ સત્તાધારીઓનાં હૃદયો, જિંહ્વાઓ અને શરીરોને કામકાજની દોડધામ કરાવી મૂકે છે. પછી ભલે તમે તેને જડ, મૂઢ, આળસુ કે એદી કહો, અથવા ચૈતન્યઘન શક્તિનું મૂળ અને બળનું કેન્દ્ર કહો. વ્હાલા આક્ષેપ કરનાર! એક વખત જઇને કોઇ સાચા અદ્વૈતનિષ્ઠ મહાત્માનાં દર્શન તો કરી આવ, પછી જોઇશું કે તારા આક્ષેપો અને તર્કો કયાં સુધી ટકી રહે છે.

સ્વા૰ રા૰

૨ જેમ સારું બીજ વાવ્યું હોય તો તેમાંથી સારું ફળ અવશ્ય ઉત્પન્ન થાય છે, તેમ સારાં પુસ્તકો વાંચવાથી અવશ્ય આત્મજ્ઞાન ઉત્પન્ન થાય છે. સામાન્ય મનુષ્યે રચેલું શાસ્ત્ર પણ જો યુક્તિઓ વડે તત્વનો નિર્ણય કરાવતું હોય, તો તે ગ્રહણ કરવું; અને ઋષિનું વાક્ય હોવા છતાં પણ જો તેવી રીતે નિર્ણય ન કરાવતું હોય તો તેને છોડી દેવું. બુદ્ધિમાન પુરુષે ન્યાયને અનુસરતી પદ્ધતિ જ સ્વીકારવી જોઈએ. બાલકનું વચન પણ જો યુક્તિ સહિત હોય તો સ્વીકારી લેવું. પણ બ્રહ્માનું વચન પણ જો યુક્તિથી વિરૂધ્ધ હોય તો તેને તણખલાની પેઠે છોડી દેવું. ગંગાના જળને છોડીને, સમીપમાં રહેલો "આ મારા બાપનો કૂવો છે" એવા આગ્રહથી જે એ કૂવાના પાણીને પીતો હોય તે હઠીલા પુરુષને કોણ સમજાવી શકે ?

યો. વા.

3 આપણા પ્રત્યેક ન્હાનામાં ન્હાના અનુભવમાં પણ સમગ્ર ઇતિહાસ ભરેલો છે, પણ આપણે તે વાંચતા નથી. જો આપણે સાચો માર્ગ લઈએ તો બુધ્ધ કે ઇસુખ્રિસ્ત થવું પણ સહેલું છે. એ સાચો માર્ગ પકડયો એટલે આપણા ક્ષુદ્ર અહંકારનો ત્યાગ કરીને પરમાત્માને જીવન સમર્પણ કરવું. એક જ મ્યાનમાં બે તલવારો એક સાથે રહી શકે જ નહિ. સ્તુતિ અને નિંદાનો આપણા ઉપર વરસાદ વરસે તો પણ તેના તરફ લક્ષ ન આપતાં, આપણે આપણી શકિત ખીલવ્યા કરીએ, કર્તાપણાના જ્વરથી મુકત રહીએ, 'જીતવું અને મેળવવું' એવો ઉદ્દેશ ન રાખીએ, સત્યના હિમાયતી બનવા કરતાં, સત્ય સ્વરૂપ બનવા ઇચ્છીએ, સૂર્ય જેમ વગર માનની ઇચ્છાએ બધાને સરખો પ્રકાશ આપે છે, તેમ આપણે આપણી સમસ્ત શકિતઓનો બીજાને માટે ઉપયોગ કરવા છતાં પણ એને માટે માનની ઇચ્છા ન રાખીએ, તો અવશ્ય આપણે ઇશ્વરના પણ ઇશ્વર થઇ શકીએ. જગત આપણે માટે શું બોલે છે એનો જે ક્ષણે આપણે વિચાર કરવા માંડીએ છીએ કે તરત જ આપણે સત્યપરાયણ જીવનથી, અહં મમત્વ વગરના જીવનથી ચલાયમાન થઇએ છીએ."

સ્વા॰ રા.

૪ કેટલાએક લોકો એમ પૂછે છે કે "હિન્દુસ્તાનમાં રાજકીય અધોગતિ કેમ આવી? શું વેદાન્ત જ એમાં કારણભૂત નથી? રામ કહે છે કે એ વાત સાચી નથી. સાચી વાત એ છે કે અધોગતિનું કારણ વેદાન્ત નહીં, પણ વેદાન્તના શિક્ષણનો અભાવ છે........જ્યાં સુધી હિંદુસ્તાનના જનસમાજમાં ઘેર ઘેર વેદાન્તનો પ્રચાર હતો, ત્યાં સુધી હિન્દુસ્તાનને માથે કીર્તિનો મુકુટ હતો. પૃથ્વી પર બધી રીતે એનું સર્વોપરિપણું હતું અને જાતે સમૃદ્ધિવાન હતું; પણ ત્યાર પછી વખત બદલાયો; અમુક સ્વભાવના લોકોની સત્તા ઊતરી આવી કે જેથી એનો અસ્તકાળ શરૂ થયો. જનસમાજ અને વેદાન્તને ખૂબ છેટું પડ્યું, જ્યારથી જનસમૂહ —"હે પરમેશ્વર, હું ત્હારો દાસ છું. ત્હારો ગુલામ છું." એવો ધર્મ માનવા લાગ્યો, ત્યારથી એની પરાધીનતા શરૂ થઇ....જે ધર્મ પોતાની જાતને હલકી ગણવાનું, ધિક્કારવાનું, અને પોતાને કીટ જંતુ, નીચ, ગુલામ, દાસ, પામર, પાપી માનવાનું શીખવે છે, તે ધર્મ હિન્દુસ્તાનમાં બહારથી આવ્યો છે.

સ્વા. રા.

૫ હાથ, બુદ્ધિ, તથા મન વગેરે શરીરના બધા અવયવો વડે તમે વેદાન્તનો અભ્યાસ કરો; વેદાન્તના સિધ્ધાન્તને કાગળ ઉપર લખી રાખો; જીભવડે એનો ઉચ્ચાર કરો; મન વડે એનું મનન કરો; અંતઃકરણ વડે એનો અનુભવ કરો, એમ રામ આગ્રહપૂર્વક કહે છે. તમારી બધી નસનાડીઓમાં વેદાન્તના સિધ્ધાંતને એક સરખો વહેવા દો. વેદાન્તના જ્ઞાન વડે તમારા અંતઃકરણને ભરી દો. વેદાન્તના વિચારમાં જ તમારું મસ્તિષ્ક તરબોળ કરી દો. તમારા પંચ પ્રાણ વેદાન્ત તત્ત્વમાં લીન થવા દો. તમારી બુધ્ધિમાં વેદાન્તના રહસ્યની એકતા થવા દો. પરિણામે એવી સ્થિતિ થશે કે તમે બધે ઉન્નતિ જ અનુભવશો.

સ્વા. રા.

૬ કેટલાક લોકો પોતાની ચતુરાઇ અને છેતરવાની કુશળતા માટે મગરૂર હોય છે. વાકીચૂંકી ચાલબાજીથી પોતાની મતલબ કહાડી લેવાની કળાને તેઓ બહુ મોટી બહાદુરી માને છે. તેઓની દયામણી દશા ઉપર દયા ખાઇને વેદાન્ત એવો અટલ સિદ્ધાન્ત સંભળાવે છે કે આ પ્રકૃતિરૂપી માતા વહેલી કે મોડી કડવા અનુભવોરૂપી લપડાકો લગાવીને તમારા ગાલ લાલ કરી મૂકશે, અને એવું શીખવશે કે હે ધૂર્ત્ત! અગ્નિ કદાપિ ઉષ્ણતાનો ત્યાગ કરે, પરંતુ ધૂર્ત્તપણું હશે તો પ્રકૃતિ માતા તારી જાતને શેકયા વિના નથી છોડવાની.

સ્વા. રા.

૭ એ કાલરૂપ અવ્યય પરમાત્મા સ્વયં અન્તરહિત હોવા છતાં જગતનો અન્ત લાવનાર છે. અનાદિ હોવા છતાં સૌનું આદિકારણ છે. એ જ એક જીવમાંથી બીજા જીવની ઉત્પત્તિ કરાવે છે અને એ જ એકથી બીજાને મારી નંખાવી એનો અન્ત લાવનાર થાય છે. સંપૂર્ણ પ્રજામાં અનુપ્રવિષ્ટ થયેલા આ મહાકાલરૂપ પરમાત્માને કોઇ સ્વપક્ષ કે પરપક્ષ નથી. પરંતુ જેમ વાયુના વહેવાથી રજકણ એની સાથે ઊડયા કરે છે, તેવી જ રીતે બધા જીવો કર્મોને અધીન થઈને કાલરૂપ પરમાત્માને અનુસરે છે—અર્થાત્ પોતપોતાનાં કર્મ પ્રમાણે સુખદુઃખ ભોગવે છે.

ભા૰ પુ.

૮ જે મનુષ્ય ક્ષત્રિય હોવા છતાં બીકણ હોય, બ્રાહ્મણ હોવા છતાં સર્વભક્ષી હોય, વૈશ્ય હોવા છતાં (વ્યાપારમાં) નિઃસ્પૃહ હોય, હીન જાતિનો હોવા છતાં આળસુ હોય, વિદ્વાન્ હોવા છતાં દુરાચારી હોય, કુળવાન હોવા છતાં ચારિત્ર્યભ્રષ્ટ હોય, બ્રાહ્મણ હોવા છતાં સત્યભ્રષ્ટ હોય, પત્ની હોવા છતાં વ્યભિચારિણી હોય, યોગી હોવા છતાં રાગી હોય, દેવાદિના નિમિત્ત વિના કેવળ પોતાને માટે જ અન્નપાક કરતો હોય, મૂર્ખ હોવા છતાં બહુ વાચાળ હોય, જે રાષ્ટ્ર રાજાથી રહિત હોય, અને જે મનુષ્ય વિરક્ત થયા છતાં યોગસાધનથી રહિત હોય, એ બધા અત્યંત શોચનીય દશાને પામે છે.

મ. ભા.

૯ કામને સંકલ્પના ત્યાગથી, ક્રોધને કામનાના ત્યાથી, લોભને અર્થમાં અનર્થબુદ્ધિ કરીને તથા ભયને તત્વજ્ઞાનથી જીતવો જોઇએ. એવી જ રીતે શોક તથા મોહને અધ્યાત્મ વિદ્યાથી, દંભને મહાપુરુષની સેવાથી, યોગનાં વિઘ્નોને મૌનથી, હિંસાને શરીરની નિશ્ચેષ્ટાથી, આધિભૌધિક દુઃખને ઈશ્વરકૃપાથી, આધિદૈવિક વેદનાને સમાધિથી, આધ્યાત્મિક કષ્ટને યોગબલથી, નિદ્રાને સાત્વિક આહારથી, રજોગુણ અને તમોગુણને સત્વ-ગુણથી, અને સત્વગુણને ઉપરતિથી જીતવો જોઇએ. એ બધાં શ્રી ગુરુની ભક્તિથી, સહજમાં જીતી શકાય છે. જ્ઞાનરૂપ દીપકનું દાન કરનાર સાક્ષાત્ ભગવત્ સ્વરૂપ ગુરુદેવમાં જે 'એ મનુષ્ય છે' એવી દુર્બુદ્ધિ કરે છે, એનું બધું શાસ્ત્રશ્રવણ હાથીના સ્નાનના જેવું વ્યર્થ છે. યોગેશ્વરગણ જેનાં ચરણકમલનું અનુસંધાન કરે છે. તથા જે પુરુષ તથા પ્રકૃતિના અધીશ્વર છે, એ સાક્ષાત્ ભગવાન જ ગુરુદેવ છે, તેમને લોકો ભ્રાન્તિથી મનુષ્ય માને છે.

ભા. પુ.

૧૦ મનુષ્યના બન્ધ અને મોક્ષનું કારણ કેવળ એનું પોતાનું મન છે; વિષયનો સંગ કરવાથી એ મન બન્ધનકારી અને વિષયશૂન્ય થવાથી મોક્ષકારક થાય છે. એટલા માટે વિવેકજ્ઞાનસંપન્ન મુનિ પોતાના મનને વિષયોમાંથી વાળી લઇને મોક્ષની પ્રાપ્તિને માટે બ્રહ્મ-સ્વરૂપ પરમાત્માનું ચિંતન કરે. જેવી રીતે લોહચૂંબક પોતાની આકર્ષણ શક્તિથી લોખંડને ખેંચીને પોતાની પાસે લાવે છે, તેવી રીતે બ્રહ્મચિંત્વન કરનાર મુનિને પરમાત્મા સ્વાભાવિક રીતે જ પોતાના સ્વરૂપમાં લીન કરે છે.

વિ. પુ.

૧૧ જીવ અને પરમાત્મા એ પર્યાય શબ્દ છે; બન્નેનો અભિપ્રાય એક જ છે. તેથી એમાં ભેદબુદ્ધિ કરવી નહિ. અભિમાનથી દૂર રહેવું, દંભ અને હિંસા વગેરેનો ત્યાગ કરવો, બીજાના કરેલા આક્ષેપો સહન કરવા, બધે સરલભાવ રાખવો; મન, વચન અને શરીર વડે સાચી ભક્તિથી સદ્‌ગુરુની સેવા કરવી, બાહ્ય અને આન્તરિક શુદ્ધિ રાખવી, સત્કર્મોમાં તત્પર રહેવું; મન, વાણી અને શરીરનો સંયમ કરવો, વિષયોમાં પ્રવૃત્તિ ન રાખવી; અહંકારશૂન્ય થવું, જન્મ, મૃત્યુ, રોગ અને ઘડપણ વગેરે કષ્ટોનો વિચાર કરવો; પુત્ર, સ્ત્રી અને ધન વગેરેમાં આસક્તિ તથા મમતા ન રાખવાં; ઇષ્ટ તથા અનિષ્ટની પ્રાપ્તિમાં ચિત્તને હમેશાં પ્રસન્ન રાખવું, હું જે સર્વોત્તમ સ્વરૂપ રામ છું એમાં અનન્યબુદ્ધિ રાખવી, જનસમૂહથી શૂન્ય એવા પવિત્ર દેશમાં રહેવું, સંસારી લોકોથી સર્વદા ઉદાસીન રહેવું, આત્મજ્ઞાન માટે હમેશાં ઉદ્યોગ કરવો, તથા વેદાન્તના અર્થનો વિચાર કરવો–આવાં સાધનોથી જ્ઞાન પ્રાપ્ત થાય છે, અને એનાથી વિપરીત આચરણ કરવાથી વિપરીત ફલ (અજ્ઞાન) મળે છે.

અ૦ રા.

૧૨ સંસારી વિષયોના જ્ઞાનને જ જ્ઞાન માની બેસવું, અસંખ્ય પુસ્તકોના જ્ઞાતા થવું, અવનવી વિદ્યાઓમાં પારંગત બનવું, વ્યવહારોની ઉથલપાથલ કરવામાં કુશળ ગણાવું, વાણી, મન, અને વર્તનમાં ભેદ રાખી જગતમાં ફાવ્યા કહેવરાવવું, વૈભવ અને વિલાસ મેળવવા–ભોગવવામાં જ બુદ્ધિને ખરચી નાખવી, એ બધી વિદ્યા નહિ પણ અવિદ્યા છેઃ એ જ્ઞાન નહિ પણ અજ્ઞાન છે, એ કેળવણી પૂર્વના પ્રકાશની, ભારતવર્ષની નહિ પણ પશ્ચિમના આથમતા સૂર્ય પાછળ આવતી અમાવાસ્યાની રાત્રિના ઘોર અંધારા જેવી છે. એમાં નથી રહેતું સ્વધર્મનું ભાન કે નથી સચવાતું સ્વકર્મનું પાલન; સ્વધર્મ. સ્વકર્મ, સ્વકર્તવ્ય, જેવાં માનવજીવનને પૂણ્ય પંથે ચડાવે એવાં સત્કર્મ થાય એવો સ્વભાવ જ જેમાં કેળવાતો નથી; એ વિદ્યા નહિ પણ અવિદ્યા અને જ્ઞાન નહિ પણ અજ્ઞાન જ છે.

સા. જયો.

૧૩ જે પુરુષ ચારે વેદ તથા સમસ્ત ધર્મશાસ્ત્રોને ભણીને પણ "હું બ્રહ્મ છું" એમ જાણતો નથી તે રસોઇનો સ્વાદ ન જાણનારી કડછી જેવો છે. ચંદનકાષ્ટનો ભાર વહેનાર ગધેડો માત્ર એના ભારને જ જાણે છે. તેવી રીતે જે પુરુષ અસંખ્ય શાસ્ત્રોને ભણીને પણ એના આત્મજ્ઞાનરૂપ સારને નથી જાણતો, તે ગધેડાની પેઠે શાસ્ત્રના ભારને જ જાણે છે. શરીર પોતે નાશવાન છે, એમાં રહેવા છતાં પણ જે પુરુષને પોતાના અવિનાશી બ્રહ્મભાવમાં સંશય છે, એ ભલે ચારે વેદ ભણેલો વિપ્ર હોય, તો પણ સૂક્ષ્મ બ્રહ્મને પામતો નથી. અનેક રંગની ગાયોનું દૂધ તો જેમ એક જ રંગનું હોય છે, તેવી રીતે દૂધના જેવું એકરસ જ્ઞાન અને ગાયોનાં જેવાં જુદાં જુદાં શરીર સમજવાં જોઇએ. આહાર, નિદ્રા, ભય અને મૈથુન વગેરે ધર્મ મનુષ્ય તથા પશુઓના એક સમાન છે. મનુષ્યોમાં કેવળ આત્મજ્ઞાન વિશેષ છે; એ જો ન હોય તો મનુષ્ય પશુઓના જેવો જ છે.

ઉ. ગી.

૧૪ આ મનુષ્યલોક એક કર્મભૂમિ છે એમ વિચારીને પરલોક(ભાવી જન્મ)ની ઈચ્છા રાખનારા પુરુષે નિરન્તર શુભ કર્મો જ કરવાં. કેમ કે સર્વભક્ષક કાળ મહિનાઓ અને ઋતુઓ રૂપી તવેથો તથા કડછી હાથમાં લઈને, સૂર્યરૂપી અગ્નિ સળગાવીને તેમ જ દિવસો તથા રાત્રિઓ રૂપી લાકડાંને તે અગ્નિમાં નાંખીને, પ્રાણીઓનાં કર્મફળ રૂપી સાક્ષીના દેખતાં જ સર્વ પ્રાણીઓને બળાત્કારે રાંધી ખાય છે. મનુષ્ય પાસે ધન હોય પણ તેનું દાન અને ભોગ કરવામાં ન આવે તો તે ધનનો શો ઉપયોગ? મનુષ્યમાં બળ હોય પણ પોતાના શત્રુનો જે પરાભવ ન કરે તો તે બળનો શો ઉપયોગ? મનુષ્યે શાસ્ત્રોનું અધ્યયન કર્યું હોય પણ જો ધર્માચરણ ન કરે તો તે શાસ્ત્રાધ્યયનનું શું ફળ? અને જે પુરુષ ઇંદ્રિયોને તથા મનને વશ રાખતો નથી, તે પુરુષમાં રહેલા આત્માનું શું પ્રયોજન છે?

**મ. ભા.**

૧૫ સવાર સાંજ એકાન્તમાં બેસીને પરમાત્માનું એવી રીતે ધ્યાન ધરો કે એનો ચિત્તમાં સમાવેશ થઇ જાય; એટલે કે ચિત્ત એમાં લીન થઇ જાય. એવા પ્રકાશનું ધ્યાન ધરો કે સૂર્યના પ્રકાશ કરતાં પણ વિશેષ અને ચંદ્રના પ્રકાશ કરતાં પણ શીતલ અને સર્વવ્યાપક હોય. ત્યાર પછી ચિત્તમાં એવો ભાવ ભરો કે આ નામરૂપમય શરીર મારું નથી, પણ પ્રકાશસ્વરૂપ પરમાત્માનું છે, અને એ પ્રકાશસ્વરૂપ પરમાત્મા હું પોતે જ છું; મારો જ એ આત્મા છે. તાત્પર્ય કે આ નામરૂપ તથા શરીરને વેચીને પ્રકાશસ્વરૂપ પરમાત્માને ખરીદી લ્યો. શરીર અને શરીરની આવશ્યકતાઓ પરમાત્માને અર્પણ કરો. એનું કામ એ જાણે. પરમાત્માને તમે તમારા પોતાના કરી લ્યો. ભૂલી ન જાઓ, તમારાં વિશ્રામ, સુખ, સ્વાસ્થ્ય, સર્વસ્વ પરમાત્મામાં છે. તે ઉપરાંત હરતાં ફરતાં, ઊઠતાં બેસતાં મનમાં ॐ નો જપ ચાલુ રાખો. આમ કરવાથી શરીરના રોગ અને મનની ઉપાધિઓ દૂર થશે.

સ્વા. રા.

૧૬ જન્મ અને મૃત્યુ જે વખતે જેમના દ્વારા થવાનાં હોય છે ત્યારે એમના દ્વારા જ થાય છે. એક અજન્મા ઈશ્વર જ કોઈ પણ પ્રકારની ઇચ્છા ન કરતાં કેવળ બાલકના ખેલની પેઠે (વિનોદ માટે જ) પોતાનાં રચેલાં પરાધીન પ્રાણીઓ દ્વારા સમસ્ત પ્રાણીઓને ઉત્પન્ન કરે છે અને એમનો નાશ કરે છે. દેહના સંબંધથી જ જીવાત્મા દેહી કહેવાય છે અને એ દેહ માતાપિતાના બીજા દેહમાંથી, એક બીજમાંથી બીજા બીજની પેઠે ઉત્પન્ન થાય છે. સનાતન આત્મા તો દેહથી જૂદા જેવો જ છે. ખરી રીતે જોતાં તો આ દેહ અને દેહીનું જુદાપણું અનાદિ અવિવેકને લીધે જ જણાય છે. જેવી રીતે બળતા લાકડાના અગ્નિમાં લાકડાના ઘાટ વગેરે વિકાર જોવામાં આવે છે, તેવી જ રીતે સાક્ષી આત્મામાં ભેદભાવ, જન્મ, મરણ, ક્ષય, વૃદ્ધિ, કર્મ અને કર્મનું ફલ વગેરે દેખાય છે, ખરી રીતે જોતાં એ આત્માના ધર્મ નથી.

અ. રા.

૧૭ જેને જિતેન્દ્રિય થવું હોય, તેણે ધૈર્યથી જનનેન્દ્રિય અને ઉદરના વેગને રોકવો; ચક્ષુના બળથી હાથ તથા પગના વેગને રોકવો; મનોબળથી ચક્ષુ તથા કર્ણેન્દ્રિયના વેગને રોકવો અને બ્રહ્મવિદ્યાના બળથી મન તથા વાણીના વેગને રોકવો. જે વિદ્વાન પુરુષ પ્રશંસા તથા નિંન્દાપાત્ર હરકોઇ વિષયપરની આસકિતનો ત્યાગ કરીને કેવળ નમ્રભાવે જગતમાં વિચરે છે તે પુરુષ સુખી થાય છે. વળી જે પુરુષ કેવળ આત્મામાં જ રમણ કરતો બેસી રહે છે, સર્વ કામનાઓનો ત્યાગ કરે છે, સર્વ ભોગ્ય પદાર્થોમાં નિઃસ્પૃહ રહે છે અને નિત્ય એકલો જ વિચરે છે, તે પુરુષ સુખી થાય છે.

મ. ભા.

૧૮ "વૈરાગ્ય ઉત્પન્ન થયા છતાં પણ જ્ઞાન વિના આત્માનંદની પ્રાપ્તિ થતી નથી; જ્ઞાન ગુરુના ઉપદેશથી મળે છે તેથી, સૌથી પહેલાં ગુરુદેવનું શરણ લેવું. (વાદળાંમાંથી વરસેલું) સમુદ્રનું જળ જો કે સામે જ પડયું છે અને એને ઉપર (વાદળ બનાવવા માટે) ચડાવનાર વાયુ પણ ત્યાં જ છે, છતાં તરસથી તડફડતો ચાતક તો વરસાદની જ રાહ જોયા કરે છે. એવી જ રીતે બ્રહ્મ સર્વત્ર વિરાજમાન છે છતાં જિજ્ઞાસુને એનું જ્ઞાન ગુરુની દ્વારા જ પ્રાપ્ત થાય છે. આત્માની પ્રતીતિ શાસ્ત્ર, ગુરુ, અને પોતાનું અંતઃકરણ આ ત્રણ સાધનોથી થાય છે એમ કહેવાય છે. એમાં પ્રતીતિ (જ્ઞાન ઓળખાણ, ભાન) શાસ્ત્રદ્વારા થાય છે. જેમકે "ગોળ ગળ્યો છે" એવું પહેલાં લોકો પાસેથી સાંભળીને ગોળનું જ્ઞાન થાય છે. પછી ગોળને છેટેથી જોઇને જે ઓળખાણ પડે તેવી પ્રતીતિ ગુરુદ્વારા થાય છે; અને ગોળના સ્વાદના અનુભવ જેવી (આત્માની) જે અંતિમ પ્રતીતિ થાય, તે અંતઃકરણ દ્વારા (એનો અનુભવ કરી લેવાથી) થાય છે."

પ્ર. સુ.

૧૯ હું કોણ છું, આ બધું (જગત) શામાંથી જન્મ્યું. આનો કર્તા કોણ છે, આનું ઉપાદાન કારણ શું છે, આવા ચિન્તનનું નામ વિચાર છે. પંચભૂતોના સમૂહરૂપ દેહ હું નથી, ઇંદ્રિયોનો સમૂહ હું નથી, આ બધાથી કૈંક વિલક્ષણ છું, આનું નામ વિચાર છે. (આત્માના) અજ્ઞાનમાંથી બધું ઉત્પન્ન થયું છે, આત્મજ્ઞાનથી એનો લય થાય છે; સંકલ્પ જ બધું રચે છે, આવું ચિન્તન વિચાર છે. માટી જેમ ઘડા વગેરેનું ઉપાદાન કારણ છે તેવી રીતે આ બધાનું એક સૂક્ષ્મ, સત્સ્વરૂપ અને અવિનાશી કારણ છે એવી માન્યતા એ વિચાર છે. હું એક, સૂક્ષ્મ, જ્ઞાતા, સાક્ષી, સત્સ્વરૂપ અને અદ્વય છું, તેમાં કશો પણ સંદેહ નથી, આવું વિચારનું સ્વરૂપ છે.

અ. ભૂ.

૨૦ આ સ્થૂલ સૂક્ષ્મ દેહ ઈશ્વરને અધીન એવી માયાના ગુણોને લીધે બનેલો છે, તેમાં અધ્યાસને લીધે જીવાત્માને આ સંસાર પ્રાપ્ત થયેલો છે; એવા એ સંસારને દૂર કરનાર આત્મવિદ્યા છે. માટે કાર્ય-કારણના સમુદાયરૂપ દેહમાં રહેલા કેવળ શુદ્ધ અને દેહથી પર વિલક્ષણ એવા આત્માને, તેને જાણવાની ઇચ્છારૂપ વિચારથી સમ્યક્ જાણીને આ દેહ વગેરેમાં થયેલી સત્ય બુદ્ધિનો સ્થૂલ સૂક્ષ્મ ક્રમથી ત્યાગ કરવો જોઇએ. ગુરુ નીચે રહેનારું અરણી–કાષ્ટ છે; શિષ્ય ઉપર રહેનાર અરણી–કાષ્ટ છે. ગુરુનો ઉપદેશ તે બે અરણીની વચ્ચે રહેનાર અગ્નિ મથવાનું કાષ્ટ છે. અને ઉપદેશથી ઉત્પન્ન થનારું આત્મજ્ઞાન મંથનકાષ્ટથી ઉત્પન્ન થનાર અગ્નિરૂપ છે. આ આત્મજ્ઞાનરૂપી અગ્નિ સુખકારક છે. અતિ નિપુણ શિષ્યે પ્રાપ્ત કરેલી અથવા અતિ નિપુણ ગુરુ પાસેથી પ્રાપ્ત કરેલી તે અતિ વિશુદ્ધ આત્મવિદ્યા માયાનો નાશ કરે છે અને જે ગુણમય જગત જીવને સંસારનું કારણ બને છે, તે ગુણોને બાળીને લાકડાં વિનાનો અગ્નિ જેમ શાન્ત થઇ જાય છે, તેમ તે આત્મવિદ્યા પોતે પણ શાંત થઈ જાય છે.

ભા. પુ.

૨૧ બાહ્ય સંપત્તિ અને માલમિલકત ઉપરથી લોકોનો દરજ્જો નક્કી કરવો એ પગના જુદા જુદા જોડાઓ ઉપરથી મનુષ્યના વર્ગ પાડવા જેવું જ અસ્વાભાવિક છે. ઘણાએ દેવાળીઆઓનાં ખાસડાં કરોડપતિઓનાં ખાસડાં કરતાં વધારે ભપકાદાર હોય છે! 'રામ' તો ઉલટો એમ કહે છે કે મિલકતના વિચાર, ગાંસડી –થેલીઓનો હક; એ જ આત્માનુભવની આડે આવે છે. એકાદ વસ્તુ ઉપર પોતાની સત્તા બેસાડવાની ઇચ્છા થતાં જ આત્માની છેતરપિંડી રૂપી પિશાચ આપણને વળગી પડે છે. સંન્યાસ (વાસ્તવિક ત્યાગ)ની ખરા સત્ય સાથે એકતા સાધવી એ જ વેદાન્ત છે. પ્રજાની સંપૂર્ણ સ્વતંત્રતા, સમાનતા કે બાહ્ય અધિકારોનો બોજો કહાડી નાંખવો અને દ્રવ્ય સંગ્રહની વૃત્તિ ત્યજી દેવી એ જ તત્ત્વનિષ્ઠા છે.

સ્વા. રા.

૨૨ આત્મચિન્તક પુરુષે એકાન્ત પ્રદેશમાં ઇંદ્રિઓને એના વિષયોમાંથી પાછી વાળીને અંતઃકરણને પોતાના કાબુમાં લાવીને બેસવું. આત્મામાં સ્થિર થઈને કોઇ પણ બીજા સાધનનો આશ્રય ન લેતાં શુદ્ધચિત્ત થઇ કેવળ જ્ઞાનદ્રષ્ટિદ્વારા એક આત્માની જ ભાવનાં કરવી. આ વિશ્વ પરમાત્મસ્વરૂપ છે એવું સમજીને એને બધાના કારણરૂપ આત્મામાં લીન કરવું. આવી રીતે જે પુરુષ ચિદાનન્દ સ્વરૂપમાં સ્થિર થાય છે એને બાહ્ય કે આન્તરિક કોઈ પણ વસ્તુનું જ્ઞાન રહેતું નથી. સમાધિ પ્રાપ્ત થયા પહેલાં એવો વિચાર કરે કે આ સંપૂર્ણ ચરાચર જગત કેવલ ૐકાર માત્ર છે; આ સંસાર વાચ્ય છે અને ૐકાર એનો વાચક છે; અજ્ઞાનને લીધે જ સંસારની પ્રતીતિ થાય છે; જ્ઞાન થયા પછી તો એમાંનું કશું રહેતું જ નથી.

અ. રા.

૨૩ લોક પરલોકમાં સુખ આપનાર તે પ્રવૃત્ત કર્મ અને આત્મજ્ઞાન દ્વારા મોક્ષ આપનાર તે નિવૃત કર્મ કહેવાય છે. લોકપરલોકના સુખની વાસનાથી કરેલું કર્મ પ્રવૃત્ત અને આત્મજ્ઞાનની સાથે નિષ્કામ–વાસના વગરનું–કર્મ નિવૃત્ત તરીકે ઓળખાય છે. પ્રવૃત્ત કર્મ કરવાથી દેવોના જેવા ભોગવાળા થવાય છે, અને નિવૃત્ત કર્મનું પાલન કરવાથી આ પંચભૂતોના બંધનમાંથી મુકત થવાય છે. બધાં પ્રાણી માત્રમાં આત્મસ્વરૂપનું અને પોતાના આત્મામાં બધાં પ્રાણીઓનું દર્શન કરે, એવો આત્મજ્ઞાનનો યજ્ઞ કરનાર બધે સમદર્શી બનીને મોક્ષસ્વરૂપ સ્વારાજ્ય મેળવે છે. ઉત્તમ બ્રાહ્મણે આ પ્રમાણે કરેલાં કર્મોનો ત્યાગ કરીને આત્મજ્ઞાનમાં, શમ (શાંતિ)માં અને વેદાભ્યાસમાં પ્રયત્નવાન રહેવું જોઇએ. બ્રાહ્મણનું ખાસ કરીને આ જ જન્મસાફલ્ય છે; અને એમ કરવાથી જ દ્વિજ માત્ર કૃતકૃત્ય--બધું કરીને પામી ચૂકેલો--થાય છે; બીજી કોઈ રીતે નહીં.

મ. સ્મૃ.

૨૪ વેદાન્તને રોજ આચરણમાં નહિ મૂકો તો પછી એનો શો ઉપયોગ છે? પુસ્તકો છપાય અને કંસારી કીડાને ખાવા માટે અભરાઇ કે કબાટમાં રાખી મૂકીને તે સડી જાય, એવા વેદાન્તનું જરાયે કામ નથી. તમારે એ વ્યવહારમાં મૂકવું જોઇએ. વેદાન્તને જ્ઞાનનો અગ્નિ કહેવામાં આવે છે. એ વેદાન્તથી તમારાં દુઃખ અને ત્રાસ દૂર ન થાય તો એ જ્ઞાનાગ્નિની પંચ ભૌતિક અગ્નિના જેટલી પણ કીમત ન રહે. વેદાન્તનો જ્ઞાનાગ્નિ તમારી પ્રમાદરૂપી શરદીને દૂર કરીને તમને સુખી ન કરી શકે, તમારો દુઃખભાર હલકો ન કરે, તો તેને લાત મારીને દૂર ફેંકી દો. પણ વેદાન્તનો જ્યારે તમે અનુભવ કરશો ત્યારે જ એની ખરી ખૂબી સમજશો.

સ્વા. રા.

૨૫ જે જાતનું બીજ વાવેલું હોય છે તેવું ઝાડ ઊગે છે. શ્રીકૃષ્ણભગવાને જોયું કે અર્જુનના મનમાં બીજ (વાસના) તો છે વેરવાળવાનું અને અત્યારે યુદ્ધ સમયે મોહને લીધે વાતો કરે છે દયાળુ સંન્યાસીના સ્મશાન-વૈરાગ્ય અને દંભજ્ઞાનનાં જેવી. બાવળના બીજમાંથી તે પકવવા માગતો હતો સુંદર આંબાના વૃક્ષની કેરીઓ અને તેથી જ શ્રીકૃષ્ણે એને એ માર્ગમાંથી વાળીને યુદ્ધ કાર્યમાં જોડયો. ભાઇ! ખાધો છે તો નેપાળો અને હવે શૌચ જતાં શરમ આવે છે, કાં? કર્મકાંડના વિષયમાં પણ ભારતવર્ષની એ જ દશા છે. હૃદયમાં વાસનાઓ વાવી બેઠા છે વીસમી સદીની અને વાતો કરો છે ઈસ્વીસન પૂર્વેનાં ત્રણેક હજાર વર્ષની. કર્મકાંડના વિષયમાં તો જેવી વાસના હશે તેવાં કર્તવ્યકર્મ ભૂત બનીને માથા ઉપર ચડી બેસશે.

સ્વા૦ રા.

૨૬ આત્મજ્ઞાન વિના કાર્ય કરનારા મનુષ્યની દશા અંધારા ઓરડામાં કામ કરનારા મનુષ્યના જેવી છે. તેનું માથું ભીંત સાથે અફળાય છે, ટેબલથી ઘુંટણ ભાંગે છે, ખુરસી ઉપરથી એ ઊથલી પડે છે અને બધી રીતે હેરાન થાય છે. પ્રકાશમાં કામ કરનારને આવો કશો ત્રાસ વેઠવો પડતો નથી. જ્ઞાનહીન માણસ ઘોડાનું પૂછડું પકડીને આખે રસ્તે લાત ખાતો જાય છે અને જ્ઞાનવાન મનુષ્ય ઘોડાની પીઠ પર સવાર થઈને આનંદપૂર્વક માર્ગ કાપે છે. એવી જ રીતે આત્મજ્ઞાની મનુષ્યને કોઇ પણ કર્મ, કર્મ તરીકે લાગતું જ નથી. વસન્તનો વાયુ પુષ્પની સુગંધને જેટલી સહેલાઇથી લઇ જઈ શકે છે તેટલી જ સરલતાથી આત્મજ્ઞાની મનુષ્ય પહાડ જેવડું પ્રચંડ કાર્ય સરલતાથી કરે છે. શ્રી. શંકરાચાર્ય કહે છે કે "આત્મજ્ઞાની મનુષ્ય કાંઇ કર્મ કરતો જ નથી" એનો અર્થ એવો થાય છે કે બધાં કામો તેને રમત જેવાં લાગે છે, તેને કોઇ પણ કર્મ બંધન-રૂપ હોતું નથી. એ તો પરિસ્થિતિનો રાજા બને છે. તેના મનથી તો બધાં કર્મ થઇ ચૂકેલાં હોવાથી તેને તો માત્ર કોઈ ઠેકાણે નિમિત્ત જ બનવાનું હોય છે. તે ઉદ્વેગ કરતો નથી. તેની બુદ્ધિ અહંતામમતાથી બંધાતી નથી. એ તો હમેશાં ધીર, ઉત્સાહી, ઉપાધિથી મુકત, શાન્ત અને ગંભીર હોય છે.

સ્વા. રા.

૨૭ વેદનું રહસ્ય સત્ય છે, સત્યનું રહસ્ય દમ છે, દમનું રહસ્ય દાન છે, દાનનું રહસ્ય તપ છે, તપનું રહસ્ય ત્યાગ છે, ત્યાગનું રહસ્ય સુખ છે, સુખનું રહસ્ય સ્વર્ગ છે, અને સ્વર્ગનું રહસ્ય શાંતિ છે બુદ્ધિની પ્રસન્નતા જ શાંતિનું ઉત્તમ લક્ષણ છે, માટે મનુષ્યે પ્રથમ સંતોષ મેળવીને બુદ્ધિની પ્રસન્નતા પ્રાપ્ત કરવી જોઇએ, કારણ કે બુધ્ધિની પ્રસન્નતા શોકનો, સંકલ્પનો તથા તૃષ્ણાનો સમૂળો નાશ કરે છે. શોકનો ત્યાગી, મમતાથી રહિત, સંતોષી, શાંત, બુધ્ધિની પ્રસન્નતાવાળો અને મત્સરથી રહિત આ છ લક્ષણવાળો પુરુષ સંપૂર્ણ જ્ઞાનતપ્ત થઈને પુનર્જન્મને પામતો નથી–અર્થાત્ મુક્ત થાય છે. સત્ય, દમ, દાન, તપ, અને શમ, આ છ સાત્વિક ગુણોથી મુક્ત પુરુષોએ જીવન્ત દશામાં જ દેહાભિમાનનો ત્યાગ કરીને શ્રવણ, મનન અને નિદિધ્યાસનરૂપ શાસ્ત્રીય અનુભવ દ્વારા પોતાના શરીરમાં રહેલા આત્માનો સાક્ષાત્કાર કર્યો હોય છે.

મ. ભા.

૨૮ ખાંડના બનાવેલા ઊંટને તેની ઉપર લાદેલા ખાંડના જ સામાન સાથે ડંડો મારીને તોડી નાંખીએ તો શું નીકળે ? ખાંડ. ખાંડના હાથીને તેની ઉપર સવાર થએલા ખાંડના જ રાજામહારાજા સાથે ભાંગીને ભુક્કો કરી નાંખીએ તો શું થાય ? ખાંડ. ખાંડની જ બનાવેલી રેલગાડીને તેની અંદર બેઠેલા ખાંડના મુસાફરો સાથે કકડા કરી નાંખીએ તો શું દેખાય? ખાંડ. ત્યારે આ બધામાં શું ખાંડ ભાંગી ?—નહિ, નહિ અને નહિ જ. એ તો ખાંડને ખાંડ જ રહી. ત્યારે ભાંગ્યું શું ? કેવળ નામ અને રૂપ. તેવી જ રીતે ખાંડ, વિષ, વાયુ, અગ્નિ, જલ, પૃથ્વી વગેરેનાં નામરૂપના “ **तत्त्वमसि** તે તું છે” એ મહાવાક્યના હથોડા તળે કુટાઇને ચૂરેચૂરા થઈ જાય તો શું મળે ? એક અદ્વિતીય આત્મા.

સ્વા૦ રા.

૨૯ આત્મામાં ભાસતા ભેદનો બાધ કરવો તે વિદ્યા છે, નહિ કરવા યોગ્ય કર્મો તરફ ઘૃણા તે જ લજ્જા છે; ગુણો એ જ શ્રેષ્ઠ આભૂષણો છે; સુખ અને દુઃખ બંનેનું અનુસંધાન ન રાખવું તે સુખ છે; વિષયભોગની ઇચ્છા રાખવી તે દુઃખ છે; સંસારમાં બંધન કેમ થાય છે અને સંસારથી મોક્ષ કેમ થાય છે તે જાણે તે પંડિત છે; દેહ વગેરે ઉપર જે અંહબુદ્ધિ રાખે, દેહ વગેરેને જ જે આત્મા તરીકે માને તે મૂર્ખ છે; જે માર્ગ મને મોક્ષ પ્રાપ્ત કરાવી આપે છે તે નિવૃત્તિમાર્ગ જ ઉત્તમ છે; ચિત્તનો જેમાં વિક્ષેપ થાય છે એવો પ્રવૃત્તિમાર્ગ તે ઉન્માર્ગ છે – ખરાબ માર્ગ છે; સત્વ-ગુણની વૃદ્ધિ તે જ સ્વર્ગ છે; તમોગુણની વૃધ્ધિ તે જ નરક છે.

ભા. પુ.

30 'સત્' એ કંઇ દૂર નથી, પણ દૂર લાગે છે, અને એ જ જીવનો મોહ છે. 'સત્' જે કંઇ છે તે 'સત્' જ છે; સરલ છે; સુગમ છે; અને સર્વત્ર તેની પ્રાપ્તિ હોય છે. પણ જેને ભ્રાંતિરૂપ આવરણ વર્તે છે, તે પ્રાણીને તેની પ્રાપ્તિ કેમ હોય? અંધકારના ગમે તેટલા પ્રકાર કરીએ પણ તેમાં કોઈ એવો પ્રકાર નહીં આવે કે જે અજવાળા સ્વરૂપ હોય; આવરણ-તિમિર જેને છે, એવા પ્રાણીની કલ્પનામાંની કોઇપણ કલ્પના 'સત્' જણાતી નથી અને 'સત્'ની નજીક સંભવતી નથી. 'સત્' છે તે ભ્રાંતિ નથી. ભ્રાંતિથી કેવળ વ્યતિરિકત ( જુદું ) છે; કલ્પનાથી 'પર' (આઘે) છે; માટે જેની પ્રાપ્ત કરવાની દૃઢ મતિ થઇ છે તેણે પોતે કંઇ જ જાણતો નથી એવો દૃઢ નિશ્ચયવાળો પ્રથમ વિચાર કરવો, અને પછી 'સત્'ની પ્રાપ્તિ માટે જ્ઞાનીને શરણે જવું, તો જરૂર માર્ગની પ્રાપ્તિ થાય.

શ્રી. રા.

૩૧ વિચાર કરનારા પુરુષના મનમાં આ પ્રમાણે ચાર પ્રકારના નિશ્ચયો થાય છે. "હું પગથી માથા સુધી માતાપિતાનો જ બનાવેલો છું" આ પહેલો નિશ્ચય છે અને અસત્ વિચારથી ઉત્પન્ન થયેલો હોવાથી પુરુષને બંધનમાં નાંખે છે. "શરીર ઇન્દ્રિય વિગેરે સર્વ પદાર્થોથી હું જુદો છું અને સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ છું" આ બીજો નિશ્ચય છે. આ નિશ્ચય જીવનું કેવલ શુદ્ધ સ્વરૂપ જણાવનારો હોવાથી મોક્ષદાતા છે અને સજ્જનોને થાય છે. "હું જ અનન્ત પદાર્થોથી ભરેલા આ જગતરૂપ છું અને અવિનાશી છું." આ ત્રીજો નિશ્ચય છે. આ નિશ્ચય શરીરમાંથી આત્મપણાની ભ્રાંતિને છોડાવી આત્માના વ્યાપકપણાને સિદ્ધ કરનારો હોવાથી મોક્ષને આપનારો છે. "આ દેહાદિક અને સઘળું જગત કાંઈ છે જ નહિ. પણ એ બધાથી રહિત જે અખંડ સત્તારૂપી પરબ્રહ્મ છે તે જ હું છું." આ ચોથો નિશ્ચય છે. આ ચોથો નિશ્ચય સર્વ દૃશ્યોના બાધપૂર્વક પોતાના વાસ્તવિક સ્વરૂપને ઓળખાવનારો હોવાથી મોક્ષની સિદ્ધિ માટે છે. છેલ્લા ત્રણ નિશ્ચયો જીવન્મુક્ત પુરુષોમાં જ હોય છે.

યો. વા.

૩૨ વેદાન્ત કહે છે કે માયા અર્થાત અવિદ્યા શા માટે થઈ ને કેવી છે, એ કહેવાનું કામ મારું નથી. વેદાન્તનું વલણ માત્ર અનુભવ ઉપર છે. તેની પદ્ધતિ વૈજ્ઞાનિક છે. તે કોઇ અનુમાન કરતું નથી. કશી કલ્પના આગળ ધરતું નથી. જગતના કારણનો ખુલાસો આપવાનો એ દાવો કરતું નથી, કારણ કે બુદ્ધિ અથવા તર્કશકિતની મર્યાદાનો એ વિષય નથી; આવો વેદાન્તનો પક્ષ છે. ત્યારે જગત શા માટે દેખાય છે એ પ્રશ્નનો ઉત્તર વેદાન્ત એમ આપે છે કે તમે જુઓ છો તેથી; અને તેથી તમારે જ એનો ખુલાસો આપવો જોઇએ. જો તમે નથી તો જગત પણ નથી. તમારી આંખો બંધ કરો એટલે જગતનો પાંચમો ભાગ નાશ પામશે; એવી રીતે તમારી પાંચે જ્ઞાનેન્દ્રિયો અને મનને શાંત પાડો એટલે સમસ્ત જગત નાશ પામશે. તમે જ જગતને જુઓ છો અને તમે જ આ ક્યાંથી આવ્યું ને કેવું છે એ પૂછો છો; એ જ માયા અને અવિદ્યા છે. માટે એનો ઉત્તર તમે જ આપો. મને શા માટે પૂછો છો? જગતને તમે જ સાચું માનો છો અને તમે જ તેથી તેને બનાવો છો, છતાં પૂછો છો, જગત જેમાં નથી અને કેવલ બ્રહ્મ જ છે, એવો દાવો કરનાર વેદાન્તને!

સ્વા. રા.

અદ્વૈત તત્ત્વનો દૃઢ અભ્યાસ કરવાથી જેની દ્વૈતવાસનાનો બાધ થયો છે, એવું મન પરિપૂર્ણ શાંત થાય છે ને તેથી મનની સાથે મળી રહેલો પ્રાણ પણ શાંત થાય છે. આત્મતત્ત્વનો વિચાર કરીને મનને આત્મમય કરો. મન આત્મામાં લય પામવાથી આત્મતત્ત્વ સ્થિર થાય છે. અજ્ઞાન અને તેનો બાધ કરવાવાળી બ્રહ્માકાર વૃત્તિ એ બન્ને અસત્ છે; તેનો પણ બાધ કરવાથી જે શેષ રહે છે, તે જ ચિન્માત્ર આત્મા છે. જ્યાંસુધી બ્રહ્માકારવૃત્તિ પણ પરમ સાક્ષાત્કારમાં બળીને અભાવને પ્રાપ્ત થાય, ત્યાં સુધી આત્મતત્ત્વની દૃઢ ભાવના કર્યા કરવી.

યો. બા.

૩૪ યોગ્ય જિજ્ઞાસુ પાસે બરાબર બે રાત્રિ સુધી બક્યા કરું, તો પણ મને શ્રમ જણાય તેમ નથી. જરૂર પડે તો આહાર નિદ્રાનો પણ ત્યાગ કરી ચોવીસે ચોવીસ કલાક બકી શકું. જો મને એમ જ લાગત કે લોકો ઘડીએ ઘડીએ આવીને કંટાળો આપ્યા કરે છે, તો શું હિમાલયની એકાદ ગુફામાં ભરાઇ બેસતાં મને નહોતું આવડતું? વળી, તું જુએ છે કે મહેશ્વરીની દયાથી ખાન-પાન સંબંધે મને લેશ પણ ચિંતા કરવી પડતી નથી. ખાવાપીવાનું ગમે ત્યાંથી મળી રહે છે, છતાં શા માટે એકાંતમાં ભરાઇ બેસતો નથી, અને શા માટે આવી રીતે ભમ્યા કરું છું, તે તું જાણે છે? દેશની આ દુર્દશા જોવાથી તથા તેનાં પરિણામનો વિચાર કરવાથી હૃદય ચીરાઇ જાયછે! સમાધિ-બમાધિ પણ તુચ્છ જણાય છે. **तुच्छमब्रह्मपदम्**। તમારા કલ્યાણની કામના એ જ મારું જીવન-વ્રત છે. જ્યારે મારું એ વ્રત પૂર્ણ થશે ત્યારે આનંદપૂર્વક આ દેહનો ત્યાગ કરી ચાલી નીકળીશ.

સ્વા. વિ.

૩૫ કોઈ કહે છે કે ધર્મ તો કેવલ શ્રદ્ધાત્મક છે; કોઇ કહે છે કે શ્રદ્ધા વિરૂદ્ધ જે પ્રત્યક્ષ સિદ્ધ કરવાની બુદ્ધિ, તે રૂપ છે. અમે કહીએ છીએ કે ધર્મ ઉભયરૂપ છે, બુદ્ધિ તથા શ્રદ્ધા ઉભયરૂપ છે, ઉભયે એક છે. ધર્મ સમજાય તો જ આચાર, વિચાર, નીતિ, રાજ્ય, વ્યવહાર ઈત્યાદિ સર્વ નિયમાય; નહિ તો સુકાન-વિનાના નાવની પેઠે ધર્મ વિનાનું મનુષ્યનાવ ગમે ત્યાં અથડાઈ ભાંગી જાય. જીવમાત્રે પરમાનંદ શામાં માનવો, પોતાના સ્વભાવને કેમ સમજવો, ટૂંકમાં મનુષ્યનું મનુષ્યત્વ, મનુષ્યરૂપે જીવવાનું સાર્થક શામાં માનવું, એ નિશ્ચય થાય, તેનું નામ ધર્મ, અને તે નિશ્ચય થયો એટલે તુરત તદનુસાર નીતિ, આચાર વગેરે સહજ પ્રાપ્ત થવાનાં. માટે જ ધર્મવિચાર એ પ્રથમથી જ આવશ્યક છે, ને તે કર્યા વિનાનું જીવિત મરણ જ છે.

મ. ન.

૩૬ આત્મજ્ઞાન વિના આત્મજાગ્રતિ અસંભવિત છે; વેદોક્ત કર્મકાંડ, પૌરાણિક ભક્તિ, તંત્રોક્ત ઉપાસના, પતંજલિ અને શાક્તોનો યોગમાર્ગ—અને એ સૌની પીઠમાં રહેલું આત્મજ્ઞાન આપણા ભારતવર્ષની સનાતન વિદ્યા અને આર્યોની અમૂલ્ય સંપત્તિ છે.

*  *  *

રાજકીય અને સામાજિક નિયમોમાં ઉત્ક્રાન્તિ થતાં રાજ્યલોભ તથા સમાજસત્તાનો મદ વધી પડયો; આર્થિક પરિસ્થિતિ તંગ બની અને એ બધાંમાં સંયમ અને સુધારણા રૂપ જે ધર્મભાવના હતી, તે સત્તાના મદમાં અસ્તવ્યસ્ત થઈ. ધર્મભાવનાની શિથિલતામાં બાહ્યાચાર અને બાહ્યધર્મને જ પ્રજાએ પકડી રાખ્યાં; ક્રિયાકાંડની પાછળનું આત્મજ્ઞાન ગયું; અને સમસ્ત પ્રજાનો જીવનવ્યવહાર યંત્રમાનવના જેવો અજ્ઞાનમૂલક બન્યો.

**સા. જયો.**

૩૭ દ્વૈત પ્રપંચ અને અદ્વૈત પરમાત્મા એક જ સમયે અને એક જ સ્થળે એક જ મનુષ્યને દેખાતાં નથી; કારણ કે જેને દ્વૈત પ્રપંચ જોવામાં આવે છે તેને અદ્વૈતસ્વરૂપ દેખાતું નથી. અને અદ્વૈત સ્વરૂપ જેને ઓળખાય છે, તેને કોઇ ઠેકાણે દ્વૈત પ્રપંચ જોવામાં આવતો નથી. અજ્ઞાનીઓ દ્વૈતને સત્ય માને તેથી વિદ્વાન્ જ્ઞાનીઓને કાંઇ હાનિ નથી; કારણ કે તેમનું અજ્ઞાન જે માયામય છે, તે જ પરિણામે અદ્વૈત બ્રહ્મનો બોધ કરે છે, તથા તેમાંથી જ વિદ્વાનો તેમને આત્માની પ્રતીતિ કરાવે છે. રજ્જુમાં કલ્પાયેલો સર્પ જ જેમ રજ્જુનો બોધ કરે છે. તેમ અજ્ઞાનીઓથી અદ્વૈત બ્રહ્મમાં કલ્પાએલો દ્વૈતપ્રપંચ તેમને છેવટે અધિષ્ઠાન આત્મસ્વરૂપનો બોધ કરાવે છે....માયા પરમાત્માથી સિધ્ધ થતી નથી પણ માયા માયાથી જ સિધ્ધ છે.

આ. પુ.

38 અધિકારનો કોઈપણ પ્રકારના કર્મકાંડ ઉપર, વા પોથાં ઉથામવા ઉપર વા દેશકાલ ઉપર આધાર નથી. એમાં જોઇએ છે એટલું જ કે બ્રહ્મની સર્વાત્મકતા સમજવાની સમગ્ર આત્માની યોગ્યતા થયેલી હોવી જોઈએ. "સમગ્ર આત્માની" એમ કહેવામાં તાત્પર્ય એ છે કે જેમ સમષ્ટિ ચૈતન્યનો સમૂહ નથી પણ એ અખંડ રૂપ છે, જેનાં વ્યષ્ટિ ચૈતન્યો માત્ર અંગો–પ્રતિબિંબો છે, તેમજ એ આત્મા પણ બુદ્ધયાદિક અનેક શકિતઓનો–લાકડીઓના ભારા જેવો –સમુદાય નથી, પણ એક અખંડરૂપ છે અને તે તે શકિતઓ એનાં સ્વરૂપ માત્ર છે. આમ હોવાથી બ્રહ્મની સર્વાત્મકતા માત્ર બુદ્ધિથી વા હૃદયથી વા એકાદ ઇન્દ્રિયમાત્રથી ગ્રહવાની નથી, ગ્રહી શકાતી જ નથી. પણ સમગ્ર–અખંડ આત્મા જ એને યથોચિત ગ્રહી શકે છે. માટે બ્રહ્મ કોઇ પણ પ્રકારના માત્ર બુદ્ધિવિલાસોથી, કે હૃદયના અન્ધ ઉછાળાઓથી જ, કે આંખમીંચીને કર્તવ્ય કર્યા કરવાથી જ, કે ધાર્મિકવૃત્તિથી એક દેવતાને સેવવાથી પ્રાપ્ત થતું નથી. એની પ્રાપ્તિ માટે તો અખંડ આત્માએ અધિકાર પ્રાપ્ત કરવો જોઇએ, એમાં કોઈ વિલક્ષણ જ ચમત્કારવાળું જીવન આવવું જોઈએ; જેનું પૃથક્કરણ કરી સાધકના સૌકર્યાર્થે નીચે પ્રમાણે ચાર તત્ત્વો આચાર્યોએ બતાવ્યાં છે: (૧) નિત્યાનિત્ય–વસ્તુ–વિવેક (Intellectual) (૨) વૈરાગ્ય (Emotional) (૩) શમદમાદિ સાધનસંપત્તિ (Moral) (૪) મુમુક્ષુત્વ (Religious)

38 આ. ધ્રુ.

૩૯ બીજું કાંઇ શોધ મા, માત્ર એક સત્પુરુષને શોધીને તેના ચરણકમળમાં સર્વ ભાવ અર્પણ કરી દઇ વર્ત્યો જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે.

સત્પુરુષ એ જ કે નિશદિન જેને આત્માનો ઉપયોગ છે; શાસ્ત્રમાં નથી અને સાંભળ્યામાં નથી, છતાં અનુભવમાં આવે તેવું જેનું કથન છે; અંતરંગ સ્પૃહા નથી એવી જેની ગુપ્ત આચરણા છે; બાકી તો કંઈ કહ્યું જાય તેમ નથી.

અને આમ કર્યા વિના તારો કોઇ કાળે છુટકારો થનાર નથી. આ અનુભવપ્રવચન પ્રામાણિક ગણ.

એક સત્પુરુષને રાજી કરવામાં તેની સર્વ ઇચ્છાને પ્રશંસવામાં, તે જ સત્ય માનવામાં આખી જંદગી ગઇ તો ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પંદર ભવે અવશ્ય મોક્ષે જઇશ.

શ્રી. રા.

૪૦ વેદાન્તમાં પૂર્ણ વિશ્રાંતિ અને સંન્યાસને જ ત્યાગ કહ્યો છે; જ્યાં જ્યાં તમને સગવડ મળે ત્યાં એકાદ ખુરસી ઉપર કે બિછાના ઉપર એવા તો શાંત થઇને પડો કે જાણે એ દેહનો ભાર કદિયે તમે વેઠયો જ ન હોય, જાણે તમારો અને તેનો કંઇ સંબંધ જ નથી અને કોઇ પત્થર તમને જેટલો જુદો ભાસે તેટલો જ તમારો દેહ પણ તમને પારકો જણાય એવી રીતે નિર્જીવ પ્રેતની પેઠે થોડી વાર પડી રહો. જાણી જોઇને કોઇ વિચાર અથવા ઇચ્છા મનમાં લાવતા નહિ. દેહ અથવા બીજા કશાની ચિંતાથી તમારા મનને છેક દૂર રાખો અને સર્વ વાસનાઓ, આકાંક્ષાઓ અને મહત્વાકાંક્ષાઓનો ત્યાગ કરો. આ સ્થિતિનું જ નામ ત્યાગ અથવા વિશ્રાંતિ છે. તમારી સર્વ મિલ્કત નિર્મમત્વરૂપી જમીન ઉપર નીચે મૂકો, અંતઃકરણ ઉપર તેનો બોજો નાખશો નહિ.

સ્વા. રા.

૪૧ જેમ સમુદ્રની અંદર સ્થિર જળમાં અને તરંગરૂપે હાલતા જળમાં જળપણું સરખું જ છે, તેમ વિદેહ-મુકતમાં અને જીવનમુકતમાં મુકિતપણું સરખું જ છે. મુકિત કે જે વિષયોને અધીન નથી, તે ભલે વિદેહ-મુક્તિ કે જીવન્મુકિત હોય પણ તેમાં કશો અંતર નથી. જો જીવનમુકિતમાં વિષયોને સાચા માનીને ભોગ-વવામાં આવતા હોય તો વિદેહમુકિતથી અંતર પડે; પણ જીવન્મુકિતમાં વિષયોને મિથ્યાભૂત જ જાણેલા હોય છે, માટે તેઓ બાધક થતા નથી.

યો. વા.

૪૨ મનુષ્યનું શરીર એક કિલ્લા જેવું છે. ઇન્દ્રિયો એ કિલ્લાનાં બારણાં છે. એ બારણાં આગળ આપણે તોપો અને બંદૂકો મૂકીએ છીએ. જેવી રીતે તોપો કિલ્લાની અંદરથી છોડવામાં આવે છે ને ધડાકા બહાર થાય છે, તેવી રીતે શરીરરૂપી કિલ્લામાંથી ઇન્દ્રિયો-રૂપી દરવાજા દ્વારા બીજાઓ તરફ દૃષ્ટિપાતરૂપી તોપો તથા બંદૂકો છોડી તેમનાં હૃદય તથા બુદ્ધિપ્રતિ બહિર્મુખ દૃષ્ટિ જાય છે. આ શરીરરૂપી કિલ્લાના અધિષ્ઠાતા આત્માએ મનુષ્યની ખૂબ મશ્કરી કરી છે. તોપના ગોળાઓ–બહિર્મુખવૃત્તિઓ અંદરથી જ બહાર ફૂટે છે, છતાં મનુષ્ય એનાં બાહ્ય પરિણામથી ગભરાઈને બહાવરો બને છે. તે સમજે છે કે એ આમ યુદ્ધ કરીને હું જગતને જીતું છું, માલમત્તા વધારું છું પરન્તુ સાચી વાત એવી છે કે એમ કરીને એ પોતે મહાન જોખમ ખેડે છે. પોતાનું સર્વસ્વ ખોઇ બેસે છે. મનુષ્ય ધારે છે કે બહારથી જ્ઞાન મેળવે છે, પરન્તુ બાહ્ય દૃષ્ટિથી તો એ અજ્ઞાન વધારે છે અને આત્માને જ્ઞાનથી વંચિત રાખે છે. વેદાન્ત કહે છે કે જે મનુષ્ય તોપો અને બંદૂકોરૂપી બાહ્ય દૃષ્ટિને અંતર્મુખવૃત્તિરૂપી પોતાના તરફ મોં રાખી છોડે છે તે જ જગતને જીતે છે; જેની દૃષ્ટિ બાહ્ય અવલોકવાને બદલે અંદર અવલોકે છે, જેના કાન અંતરની વાત સાંભળે છે, શ્રવણ કરવાના મૂળ કારણરૂપ આત્માને જે ઓળખે છે, તે જ સાચી રીતે જીવ્યો છે ને તેણે જ જગતને જીત્યું છે.

 સ્વા. રા.

૪૩ સત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણો પુરુષમાં જોવામાં આવે છે અને કાળથી પ્રેરાઇને તે જ અંતઃકરણમાં આવજા કરે છે. મન, બુદ્ધિ અને ઇંદ્રિયો જ્યારે અતિશય સત્ત્વગુણમાં વર્તે ત્યારે સત્યયુગ છે એમ જાણવું, જેને લીધે જ્ઞાનમાં તથા તપમાં રુચિ થાય છે. જ્યારે મનુષ્યમાં ધર્મ, અર્થ તથા કામમાં પ્રીતિ થાય છે ત્યારે રજોગુણ જેમાં મુખ્ય વર્તે છે એવો ત્રેતાયુગ જાણવો. જ્યારે લોભ, અસંતોષ, માન, દંભ, મત્સર અને કામ્ય કર્મો ઉપર પ્રીતિ થાય છે ત્યારે રજોગુણ અને તમોગુણ જેમાં મુખ્ય છે એવો દ્વાપર-યુગ જાણવો. અને જ્યારે કપટ, અસત્ય, આળસ, નિદ્રા, હિંસા, દુઃખ, શોક, મોહ, ભય અને દીનતા જોવામાં આવે છે ત્યારે તમોગુણ જેમાં મુખ્ય છે એવો કલિયુગ છે એમ જાણવું.

ભા. પુ.

૪૪ રજોગુણ, તમોગુણ, અને સત્ત્વગુણ—આ ત્રણે ભાવો કેવળ ચિત્તના જ વિકાર છે અને તેઓ દેવ, મનુષ્ય વગેરે સર્વે પ્રાણીઓમાં એક સરખી રીતે જ રહેલા છે; તો પણ તેના કાર્યદ્વારા તેઓને ઓળખવા. તેમાં જ્યારે અંતઃકરણમાં પ્રીતિયુકત, શાંત, શુધ્ધ ભાવ ઉત્પન્ન થાય ત્યારે જાણવું કે આ સમયે અંતઃકરણમાં સત્ત્વગુણ છે. પણ જ્યારે શરીરમાં કે મનમાં સંતાપ-યુકત ભાવ ઉત્પન્ન થાય ત્યારે જાણવું કે આ વખતે રજોગુણની પ્રવૃત્તિ થયેલી છે. અને જ્યારે શરીરમાં કે મનમાં મોહ ઉપજાવનારો, જાણ્યો જણાય નહિ તેવો અને વિચારમાં પણ ન આવી શકે એવો દુર્વિજ્ઞેય ભાવ ઉત્પન્ન થાય ત્યારે જાણવું કે આ વેળા તમોગુણ પ્રકટ થાય છે.

મ. ભા.

४५ શ્રી ભાગવતનો કથા વિભાગ—

**कथा इमास्ते कथिता महीयसां**
**वितत्य लोकेषु यशः परेयुषाम् ।**
**विज्ञान वैराग्य विवक्षया विभो**
**वचोविभूतीर्न तु पारमार्थ्यम् ॥**

શ્રી શુકદેવજી બોલ્યા "હે પરીક્ષિત રાજા! લોકોમાં પોતાની કીર્તિનો વિસ્તાર કરીને જેઓ મરણ પામેલા છે, તે મહાપુરુષોની કથાઓ (વાર્તાઓ કે દૃષ્ટાન્તો) મેં તમને વિજ્ઞાન (આત્માનુભવ) અને વૈરાગ્યનું વર્ણન કરવાની ઇચ્છાથી કહી સંભળાવી છે, પણ એ બધી (કેવલ) વાણીનો વિલાસ માત્ર છે. (બોલવા–કહેવા કે નામ માત્ર છે; સાર ગ્રહણ કરવા માટે છે.) પરમાર્થરૂપ નથી (સાચી નથી).

**ભા. પુ.**

૪૬ આત્મજ્ઞાનનો ઉદય થયા વિના નિર્વિકલ્પસમાધિ થાય તો તે પણ પરમ જડતારૂપ છે, અને સવિકલ્પ સ્થિતિ થાય તો તે પણ સંસારરૂપ જ છે. તેને લીધે કદાચિત્ ધ્યાન કે સમાધિનો લાભ થાય તો પણ આત્મજ્ઞાન થયા વિના તે કાંઇ પુરુષાર્થરૂપ સંભવતું નથી. જો સવિકલ્પ ધ્યાન હોય તો તે એક સંસાર જેવું જ છે, અને જો નિર્વિકલ્પ હોય તો તે પાષાણના જેવી જડ સ્થિતિ છે. મોક્ષ કાંઇ પાષાણ જેવી જડ સ્થિતિરૂપ કે વિકલ્પાત્મક સંભવતો નથી. પાષાણના જેવી જડ નિર્વિકલ્પ સમાધિ વડે બીજું કશું પણ પ્રાપ્ત થતું નથી. પોતાની નિદ્રાવડે શું મળે છે? કાંઇ નહિ. સૃષ્ટિનો અત્યંત અસંભવ હોવાથી પુરુષની દૃષ્ટિમાં સારી રીતે આત્મજ્ઞાનનો ઉદય થતાં સર્વ દૃશ્ય ભ્રાન્તિમાત્ર ભાસે છે. જીવનમુક્તપણાનો ઉદય થવો તે જ વાસ્તવિક રીતે નિર્વિકલ્પ સમાધિ કહેવાય છે, અને તે જ નિર્વાણરૂપ છે, તે જ મોક્ષ કહેવાય છે. અનંત સુષુપ્તિના જેવી તુરીય અવસ્થા પણ તેને જ કહે છે, કે જેમાં યથાસ્થિતપણે રહી, ક્ષોભને નહિ પામતાં, સર્વના પ્રકાશક આત્મા રૂપે સ્થિતિ રાખવામાં આવે છે. સારી રીતે આત્મજ્ઞાનમાં એકરસરૂપ થઇ જવું તે ધ્યાન કહેવાય છે, અને દૃશ્યનો અત્યંત અસંભવ હોવાથી આત્મસ્વરૂપને યથાર્થ ઓળખવું તેને જ શ્રુતિઓ તથા તત્ત્વવેત્તાઓ પરમપદરૂપ કે પરમ પુરુષાર્થરૂપ કહે છે.

૪૪

યો. વા.

૪૬

૪૭ મનુષ્ય પોતે સ્વરૂપે તો સચ્ચિદાનન્દ છે, છતાં અવિદ્યાને અધીન બનીને અજ્ઞાની અને વિષયી સ્વભાવનો થઈ આ પૃથ્વી પર અવતર્યો છે. કીટ પતંગથી માંડીને ભીમકાય હિંસક પશુમાંના ટોળાનો આ જીવ સહવાસે કે સ્વભાવે, જાણ્યે અજાણ્યે પણ પશુ સ્વભાવનો વંશવારસ હોય એવાં આચરણ કરે છે; દુઃખ પામે છે, કલેશ ભોગવે છે, વારંવાર હારે છે, ધાર્યું સુખ મેળવી શકતો નથી, જગતના વૈભવો પાછળ આંધળો બનીને દોડે છે, હવામાં બાચકા ભરીને ગાંસડી બાંધવાનું સાહસ કર્યા કરે છે, અને આવી આવી ગડમથલમાં જ જીવન વેડફી, જે અજ્ઞાનમાંથી અવતર્યો છે–નીચે ઉતર્યો છે તેમાં પાછો નીચે ને નીચે વિશેષ અજ્ઞાનમાં ચાલ્યો જાય છે. આમ અજ્ઞાનમાં અજાણ્યા પ્રદેશમાંથી આવી એવા જ અજ્ઞાનમાં મરણ પછી જવાના પશુધર્મને જ જાણે માનવસમૂહે અત્યાર સુધી પોષ્યો--પાળ્યો હોય એવું ચોમેર નજર ફેરવતાં દેખાય છે.

સા. જ્યો.

૪૮ આહાર પરિવર્તન કરી, વ્રત ઉપવાસ કરી કે શીતોષ્ણ વેઠી તપશ્ચર્યા કરવી સહેલી છે; યાત્રાભ્રમણ કરી સૃષ્ટિસૌંદર્ય અને દેવદર્શન કરવાં રમત વાત છે; મંદિરમાં કે ઘેર ઘેર મૂર્તિની સામે બેસીને પૂજા કે પ્રાર્થના કરવી એ સ્વભાવસુલભ ખેલ માત્ર છે, યજ્ઞયાગ કરવા કે દાન પુણ્ય કરવાં, લોક સેવા કરવી કે જીવસેવા આચરવી એમાં કષ્ટ નથી; પણ હાલતી ચાલતી, માનવશરીરધારી, સત્ત્વ, રજસ અને તમોગુણથી વ્યવહાર કરતી, નિરંતર અંતઃકરણમાં આત્મજાગૃતિ રાખતી, સત્યાસત્યથી માંડીને કર્માકર્મનાં દ્વંદ્વોને ઋતંભરા પ્રજ્ઞાથી નિહાળતી અને જીવનમાં ઉતારતી કોઈ બ્રહ્મની સાક્ષાત્ અનુભવમૂર્તિની સેવાભક્તિની કલ્પના કરી જોઈ છે તેં કદી? શરણ લીધું છે એમના ચરણોનું? એમના જ્ઞાનશરીરને નીરખવાનો પ્રયત્ન કર્યો છે? એમનાં સેવા શુશ્રૂષાનો લહાવો લીધો છે કદી?

સા. જ્યો.

કર્મ એટલે શું એ દીવાના દાખલાથી સ્પષ્ટ થઇ શકશે. એકાદ ચીમની કે દીવી લ્યો. તેનો પ્રકાશ કેટલો બધો ચકચકિત અને આંખોને આંજી નાખે એવો હોય છે? દીવાને એ તેજ શાથી મળે છે? સતત કર્માચરણથી, અહંકારનો લોપ કરવાથી જ. પરંતુ તે દીવાને તેલ તથા દિવેટને બચાવવાનો પ્રયત્ન કરવા દો જોઈએ! તરત એ અંધકારમય થશે ને બધું ભાંગી પડશે. તેને વિજય નહિ મળે. વિજય પ્રાપ્ત કરવો હોય તો દીવાએ બળવું જ જોઇએ. તેણે પોતાનાં દીવેલ અને વાટ બચાવવાની ઇચ્છા ન જ કરવી જોઇએ. વેદાંત પણ એમ જ કહે છે. કર્મ કરવાં એ આપણામાં તેલ અને દિવેટ બાળવા જેવું છે; અથવા બીજા શબ્દોમાં કહીએ તો કર્મો એટલે જ્ઞાનદૃષ્ટિથી આપણા દેહ અને મનને માયિક ગણવાં અને આત્મભાવે પણ તેનું અસ્તિત્વ વીસરી જઈ એનાથી પાર જવું, દેહાતીત થવું, એ જ ખરું કર્મ અર્થાત્ ઉદ્યોગનું રહસ્ય છે.

સ્વા. રા.

૫૦ નાયગરાના ધોધના જોશભર્યા પ્રવાહમાં બે મનુષ્યો તણાતા જતા હતા. તેમાંના એકને એક મોટું લાકડું હાથ લાગ્યું, અને પોતાના બચાવ માટે એ તેણે પકડ્યું. બીજાએ કિનારા ઉપરથી લોકોએ નાખેલી પાતળી સરખી દોરડીને પકડી લીધી. એ લાકડાના જેવી ભારે નહોતી, અને દેખાવમાં હલકી પાતળી હતી, તોપણ તેનાથી એનો પ્રાણ બચ્યો. પરંતુ જેણે મોટું લાકડું પકડ્યું હતું તે તો લાકડાની સાથે જ પ્રવાહના જોરમાં તણાઈને ડૂબી મૂઓ.

તેવી જ રીતે, હે સંસારી જનો! બાહ્ય કીર્તિ, વિત્ત, સંપત્તિ, ભૂમિ, જાગીર અને ઐશ્વર્ય ઉ તમારો ભરોસો છે. પેલા લાકડાના ઠૂંઠાની પેઠે બધાં મોટાં અને ભારે જણાય છે ખરાં, પણ તે તારક નથી. તારક તત્ત્વ તો પેલી પાતળી દોરી જેવું તમારું આંતર ઐશ્વર્ય જ છે. તે ભારે નથી, ઇંદ્રિયગોચર નથી, તેનો તમને સ્પર્શ લાગતો નથી. એ સૂક્ષ્મ તંતુ છે. જેના ઉપર તમે અત્યારે વિશ્વાસ રાખી બેઠા છો, તે સર્વ ઐહિક વસ્તુઓ તમારો નાશ કરશે ....માટે ચેતો, ચેતો!

સ્વા૦ રા.

उत्थानेनामृतं लब्धमुत्थानेनासुरा हताः ।
उत्थानेन महेन्द्रेण श्रेष्ठयं प्राप्तं दिवीहच ॥ १४ ॥
उत्थान वीरः पुरुषो वाग्वीरानधितिष्ठति ।
उत्थान वीरान् वाग्वीरो रमयेत उपासते ॥ १५ ॥
उत्थानहीनो राजाहि बुद्धिमानपि नित्यशः ।
प्रघर्षणियः शत्रूणां भुजंग इव निर्विषः ॥ १६ ॥

પૂર્વે ઇન્દ્રાદિક દેવતાઓએ ઉત્થાન–ઉદ્યમ કરીને જ અમૃત મેળવ્યું હતું. ઉત્થાન વડે જ તેઓએ અસુરોને સંહાર્યા હતા, અને મહેન્દ્રે ઉત્થાનદ્વારા જ સ્વર્ગલોકમાં તથા આ લોકમાં પ્રતિષ્ઠા મેળવી છે. વળી જે ઉત્થાનવીર છે તે પુરુષ વાગ્વીર વિદ્વાનોને પણ દબાવી શકે છે, એટલું જ નહિ પણ વાગ્વીર વિદ્વાનો તેવા ઉત્થાનવીર મહાપુરુષોને પોતાના વાણીવિલાસથી રંજન કરતા ઉપાસે છે. નિત્ય ઉત્થાનશૂન્ય રહેનારો રાજા બુદ્ધિમાન હોય તો પણ વિષ વિનાનો સર્પ જેમ લોકના અપમાનનું પાત્ર બને છે તેમ શત્રુઓના અપમાનનું પાત્ર બને છે.

મ. ભા.

૫૨ આ સંસારમાં કોઇ ધનવાન પુરુષ યુવાવસ્થામાં જ મૃત્યુને વશ થતો જોવામાં આવે છે, જ્યારે બીજો દરિદ્ર પુરુષ વૃદ્ધાવસ્થાના દુઃખમાં ઘેરાઇને સો વર્ષ પર્યંત જીવતો જણાય છે. વળી કેટલાએક શ્રીમંતોને સાત્ત્વિક એવું ઉત્તમ ભોજન જમવાની શક્તિ પણ હોતી નથી, ત્યારે બીજા દરિદ્ર પુરુષોને સૂકાં લાકડાં પણ પચી જાય છે. જગતમાં સર્વ કોઇ મનુષ્ય કાળની પ્રેરણાથી જ સર્વ કાર્ય કરી શકે છે, છતાં કોઇ દુરાત્મા મનુષ્ય 'હું કરું છું' એમ અભિમાન કરે છે, અને અસંતોષને લીધે પોતાની ઇચ્છામાં આવે તેવાં પાપ કર્મ કરે છે....આ રીતે કાળની પ્રેરણાથી જ સર્વ પ્રાણીઓને ઇષ્ટ–અનિષ્ટ વિષયોનો સંગ થતો જોવામાં આવે છે. તેમાં કાળ અથવા દૈવ વિના બીજું એક પણ કારણ અમારા જોવામાં આવતું નથી.... જેમ મહાસાગરમાં તરંગોના આઘાતથી એક લાકડું બીજા લાકડાને મળે છે, અને થોડો સમય સાથે રહી પાછાં બન્ને લાકડાં એક બીજાથી વિખૂટાં પડી જાય છે, તે રીતે આ સંસારમાં પ્રાણીઓને પરસ્પરનો સમાગમ થાય છે; અને સમય પૂર્ણ થતાં પુનઃ વિયોગ થાય છે....હું ક્યાં હતો? હવે પછી ક્યાં જઈશ? હું પોતે કોણ છું? અહીં શા માટે આવ્યો છું? અને શા માટે કોનો શોક કરું છું?-આવો ક્ષણે ક્ષણે વિચાર કરીને મનને સ્થિર કરવું જોઈએ....કેટલાએક માને છે કે દેહથકી જીવની ઉત્પત્તિ થાય છે, અને કેટલાએક માને છે કે જીવથકી દેહની ઉત્પત્તિ થાય છે. ભલે એ જે હશે તે હશે; પણ આ સંસારના માર્ગમાં....કોઈની યે સાથે કોઇ પણ પુરુષનો નિત્ય સહવાસ રહી શકતો નથી.

મ. ભા.

૫૩ બોધ્ય ઋષિ: “વેશ્યા પિંગલા, ટિટોડો, સર્પ, ભ્રમર, બાણ બનાવનારો અને કુમારિકા એ છ મારાં ગુરુ છે.”

આ સમજાવતાં ભીષ્મે યુધિષ્ઠિરને કહ્યું: “હે રાજન્! આશા મહા બળવાન છે અને નિરાશામાં પરમસુખ સમાયેલું છે. પોતાની આશાને નિરાશાના રૂપમાં બદલી નાખીને પિંગલા વેશ્યા નિરાંતે નિદ્રાવશ થઇ હતી. એક ટિટોડો કયાંકથી માંસ લઈ આવ્યો, એટલે તેને જોઇને બીજા માંસ વિનાના ટિટોડા તેને મારવા ચડી આવ્યા, ત્યારે કંકાસના કારણભૂત માંસનો ત્યાગ કરીને એ ટિટોડો સુખી થયો હતો. ગૃહનો આરંભ કરવો એ દુઃખજનક; છે પણ સુખજનક તો નથી જ, એમ સમજીને સર્પ બીજાએ કરેલા દરમાં પેસી જઇને સુખેથી રહે છે. ભમરાઓ કોઇનો દ્રોહ કર્યા વિના વનમાં સુખેથી જીવન ગાળે છે....બાણ બનાવનારા કોઇ એક પુરુષે જ્યારે બાણ બનાવવાનો આરંભ કર્યો ત્યારે કેવલ બાણમાં જ એકતાન બની જઈને પોતાની સમીપમાં જ નીકળેલા રાજાને એણે જાણ્યો ન હતો. કોઇએક કુમારિકાને પોતાનાં માબાપથી ગુપ્ત અતિથિઓ જમાડવાની ઈચ્છા થઈ; એણે ડાંગર ખાંડવાનો આરંભ કર્યો; તે વેળા તેના કાંડામાં રહેતી ચૂડીઓનો ખણખણાટ થવા લાગ્યો, ત્યારે બીજાઓને ખબર ન પડી જાય તે માટે એણે બધી ચૂડીઓ કાઢી નાખીને માત્ર એક એક જ ચૂડી રહેવા દીધી, જેથી લગારે ખણખણાટ થયો નહિ....અનેકની સાથે સહવાસ રાખવાથી કલેશ થાય....માટે કુમારિકાની એક ચૂડીની પેઠે એકલો જ રહીને હું સર્વ વિહાર કરીશ (એમ બોધ્ય ઋષિએ કહ્યું હતું).

**મ. ભા.**

૫૪ બૃહસ્પતિ બોલ્યા : "હે ઇંદ્ર! નિષ્કપટ એવું પ્રિય ભાષણ એ જ સર્વ ગુણોનો જેમાં અંતર્ભાવ છે, એવું એક પરમ કર્તવ્ય છે, જેનું સારી રીતે આચરણ કરીને પુરુષ સર્વમાન્ય એવા મહાયશને પામે છે.... જે પુરુષ હરકોઇ મનુષ્યને જોઇને તેના બોલતાં પહેલાં પ્રથમ જ મંદ હાસ્યપૂર્વક તેની સાથે ભાષણ કરવાનો આરંભ કરે છે, તેના પર સર્વ લોકો પ્રસન્ન થાય છે. ....હે ઇન્દ્ર! મધુર વાણી બોલતો બોલતો સર્વસ્વ છીનવી લેનાર પુરુષ પણ તે સાંત્વવાદ (-નિષ્કપટ પ્રિય ભાષણ-)ના પ્રભાવથી સર્વ લોકોને વશ કરે છે....મધુર અને હૃદયાકર્ષક એ સાંત્વવાદરૂપ પુણ્યનું સારી પેઠે સેવન કરનાર પુરુષના પુરુષાર્થની તુલના કરી શકે તેવું બીજું એક પણ કૃત્ય આ જગતમાં નથી.

મ. ભા.

૫૫ મહિનાના કે પખવાડિયાના અપવાસ કરીને કેટલા-
એક અજ્ઞાની મનુષ્યો માને છે કે અમે તપશ્ચર્યા કરી;
પરંતુ સત્પુરુષો તો એમ જ માને છે કે એવી
તપશ્ચર્યા કરવાથી આત્મજ્ઞાન સંપાદન કરવામાં વિઘ્ન
જ આવે છે; માટે ઉત્તમ તપ તો એ જ કે પ્રાણીઓને
ભય ઉપજાવનારાં કર્મોનો ત્યાગ કરી દેવો અને સર્વ
પ્રાણીઓનું યથાશક્તિ આરાધન કરવું. જે પુરુષ સંન્યાસી
ન હોય પણ ગૃહસ્થ હોય, છતાં એવા ઉત્તમ તપનું
સેવન કરે છે, તે સદાને માટે અપવાસી ગણાય છે,
બ્રહ્મચારી ગણાય છે, મુનિ કહેવાય છે, સદાને માટે
જાગ્રત ગણાય છે, અને કેવળ ધર્મની કામનાવાળો તે
પુરુષ જો બ્રાહ્મણ હોય તો સદા દેવસ્વરૂપ કહેવાય છે.

મ. ભા.

૫૪ બૃહસ્પતિ બોલ્યા : “હે ઇંદ્ર ! નિષ્કપટ એવું પ્રિય ભાષણ એ જ સર્વ ગુણોનો જેમાં અંતર્ભાવ છે, એવું એક પરમ કર્તવ્ય છે, જેનું સારી રીતે આચરણ કરીને પુરુષ સર્વમાન્ય એવા મહાયશને પામે છે.... જે પુરુષ હરકોઇ મનુષ્યને જોઇને તેના બોલતાં પહેલાં પ્રથમ જ મંદ હાસ્યપૂર્વક તેની સાથે ભાષણ કરવાનો આરંભ કરે છે, તેના પર સર્વ લોકો પ્રસન્ન થાય છે. ....હે ઇન્દ્ર ! મધુર વાણી બોલતો બોલતો સર્વસ્વ છીનવી લેનાર પુરુષ પણ તે સાંત્વવાદ (-નિષ્કપટ પ્રિય ભાષણ-)ના પ્રભાવથી સર્વ લોકોને વશ કરે છે....મધુર અને હૃદયાકર્ષક એ સાંત્વવાદરૂપ પુણ્યનું સારી પેઠે સેવન કરનાર પુરુષના પુરુષાર્થની તુલના કરી શકે તેવું બીજું એક પણ કૃત્ય આ જગતમાં નથી.

મ. ભા.

૫૫ મહિનાના કે પખવાડિયાના અપવાસ કરીને કેટલા-એક અજ્ઞાની મનુષ્યો માને છે કે અમે તપશ્ચર્યા કરી; પરંતુ સત્પુરુષો તો એમ જ માને છે કે એવી તપશ્ચર્યા કરવાથી આત્મજ્ઞાન સંપાદન કરવામાં વિઘ્ન જ આવે છે; માટે ઉત્તમ તપ તો એ જ કે પ્રાણીઓને ભય ઉપજાવનારાં કર્મોનો ત્યાગ કરી દેવો અને સર્વ પ્રાણીઓનું યથાશક્તિ આરાધન કરવું. જે પુરુષ સંન્યાસી ન હોય પણ ગૃહસ્થ હોય, છતાં એવા ઉત્તમ તપનું સેવન કરે છે, તે સદાને માટે અપવાસી ગણાય છે, બ્રહ્મચારી ગણાય છે, મુનિ કહેવાય છે, સદાને માટે જાગ્રત ગણાય છે, અને કેવળ ધર્મની કામનાવાળો તે પુરુષ જો બ્રાહ્મણ હોય તો સદા દેવસ્વરૂપ કહેવાય છે.

મ. ભા.

૫૬ ઉપાધિના સંબંધને લીધે જ જીવદશાને પામેલો આત્મા, પોતાના આત્મસ્વરૂપને ભૂલી જઈને પ્રશ્ન કરે છે કે, "હું કોણ છું? અને ઇશ્વર કોણ છે!" જેમ કર્ણ પોતાને કુંતાપુત્ર તરીકે નહિ જાણીને પૂછે છે કે, "કુંતાપુત્ર કોણ છે?" પણ જ્યારે તેને સૂર્ય સમજાવે છે કે કુંતાનો પુત્ર તું જ છે, ત્યારે તે જાણે છે કે કુંતાપુત્ર હું જ છું. તેમ જ અજ્ઞાની જીવ પૂછે છે કે "બ્રહ્મ શું છે?" પછી જ્ઞાની પુરુષ તેને ઉપદેશ આપે ત્યારે તે જાણે છે કે હું પોતે જ બ્રહ્મ છું अहंब्रह्मास्मि જેમ પાઘડીવાળો પુરુષ ત્રણ વસ્ત્રોથી ઢંકાયેલો હોય તેમ આ જીવ પણ સત્ત્વ, રજસ્ અને તમસ્‌નાં કાર્યભૂત સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ શરીરથી ઢંકાયેલો છે; તો પણ જેમ પાઘડીવાળો એ પુરુષ તે પાઘડીથી અને વસ્ત્રોથી જુદો છે; તેમ ત્રણ શરીરોથી ઢંકાયેલો આત્મા પણ એ ત્રણે શરીરોથી ભિન્ન છે.

મ. ભા.

૫૭ જે પુરુષ દયાથી દુર્બુદ્ધિમાનોનાં દુઃખો ટાળવામાં પ્રવૃત્ત થાય તે પુરુષ પોતાના હાથમાં રહેલી એક છત્રીથી સમસ્ત આકાશને તડકા વિનાનું કરવાનો વ્યર્થ પરિશ્રમ કરે છે, એમ સમજવું. પૃથ્વીમાં પશુપક્ષીઓ જેવાં મૂઢ માણસોને ઉપદેશ દેવો જ નહિ. વનમાં ઠૂંઠાંની પાસે કથા વાંચવાથી શું વળે ? વિષયોમાં લંપટ રહેનારાં માણસો અને પશુઓમાં શું તફાવત છે ? કાંઇ જ નહિ. પશુઓ દોરડાંથી ખેંચાય છે અને વિષયલંપટ માણસો મનથી ખેંચાય છે. મનરૂપી કાદવમાં ખૂંચી ગયેલા અને પોતાના નાશ માટે જ કર્મો કરતા મૂર્ખ લોકોની આપદા એવી હોય છે કે જેઓને જોઇને પત્થર પણ રડવા માંડે. જેઓએ પોતાના મનને જીત્યું નથી એવા લોકોને ચારે બાજુથી દુઃખદાયી દશાઓ જ પ્રાપ્ત થાય છે, તેથી એ દશાઓને ટાળી નાખવાનું સમજુ માણસ માથે લે જ નહિ.

યો. વા.

૫૮ હે રામ ! જેમ એક દીવાથી સેંકડો દીવા પ્રકટ થાય છે, તેમ એક જ પરબ્રહ્મ નાના ભાવને પ્રાપ્ત થાય છે. જેમ આત્માને બંધન ચિત્તને કારણે છે, તેમ વિચાર તથા તત્ત્વજ્ઞાને કરીને થનાર મોક્ષ પણ ચિત્તને અધીન છે. જીવ ચિત્ત જ છે. તેની શાંતિ થવાથી જગતની શાંતિ થાય છે. જેમ ઉપાન પહેરેલા પુરુષને આખી પૃથ્વી ચામડાથી મઢેલી થઇ જાય છે, તેમ ચિત્તની શાંતિ થવાથી સર્વ દ્વૈતની શાંતિ થઇ જાય છે....જગતનું ઉપાદાન કારણ ચિત્ત છે....ચિત્ત જ ભ્રાંતિએ કરીને જન્મે છે, બાલભાવને પામે છે, જુવાની, વૃદ્ધતા, મરણ, સ્વર્ગ, નરક આદિને પામે છે. જેમ આકાશમાં પોતાનાથી ભિન્ન એવા પરપોટા ઉત્પન્ન કરવાનું મદિરામાં સામર્થ્ય છે, તેમ સંસાર વિષે દ્વૈત ઉત્પન્ન કરવાનું ચિત્તનું સામર્થ્ય છે....જીવ ચિત્તદ્વારા જગતને દેખે છે. જ્યારે ચિત્ત દ્વિત્વનો વિચાર કરે છે, ત્યારે દ્વૈતતા તથા એકતારૂપી ભ્રમ થાય છે, ને એનો વિચાર નથી કરતું ત્યારે દ્વૈતભાવ તથા એકતાનો ક્ષય થઈ જાય છે....ચિત્ત જે કલ્પે છે તે થાય છે જ.

યો. વા.

૫૯ મનુષ્ય હિંમતથી ઉદ્યોગ કરે તો શું થઇ નથી શકતું ? નાનો સરખો કીડો પણ પત્થરમાં ઘર કરે છે, તો પ્રેમસ્વરૂપ ઇશ્વરના મનમાં મનુષ્ય કેમ વાસ ન કરી શકે ? આત્મશ્રધ્ધા, આત્મકૃપા અને પૂર્ણ ભાવના એવી વસ્તુ છે કે તેના બળથી ઇશ્વર સાતમા તો શું ચૌદમા આસમાનમાં હોય, કે તેની પણ પેલી મેર ગમે ત્યાં હોય, તો પણ ત્યાંથી ખેંચી લાવી શકાય છે. હે મનુષ્ય ! એવી કઇ ગાંઠ છે જે આત્મ-બળથી છૂટી ન શકે ?

તારામાં કંઇક એવું ઐશ્વર્ય અને અપરંપાર સામર્થ્ય છુપાયેલું છે કે તે યોગ્ય રીતે પ્રકટ કરવાથી દેશને, વિશ્વને અને વિશ્વનાથને પણ પ્રસન્ન કરી શકાય છે. તું પ્રથમ વિકાસને તો પામ ! તારી તારા પોતાના પ્રત્યેની ફરજ અદા કરવાથી બીજી સર્વ ફરજો એની મેળે જ આપોઆપ અદા થઇ જશે; અને ક્ષુદ્ર જંતુથી લઈને આકાશમાં ઊડતાં પ્રાણીઓ સુધી સર્વ ખુશ થઇ જશે. તું આનંદ છે; તું પૂર્ણ છે; તું સુખની ખાણ છે. તો પછી સુખી થવાને માટે તું વિષયોનો બોજો ફોગટ શા માટે તારી જાત ઉપર લાદે છે ?

સ્વા. રા.

૬૦ ઓ રાજાધિરાજ ! સર્વ શરીરોમાં કેન્દ્રસ્થ મુજ આત્મદેવ ! સચ્ચિદાનંદ સમ્રાટ્ ! અનંત સત્તાધીશ ! આશીર્વાદાત્મક તત્ત્વરૂપ ! ઓ પ્રિયતમ ! અજ્ઞાનના આવરણરૂપી સ્વપ્નમાં દાસત્વ ન સ્વીકારો. જે વસ્તુઓ ધુમ્મસ અથવા ઝાકળની પેઠે ઊડી જનારી છે તેના પર શ્રદ્ધા ન રાખો. હે ભાન ભૂલેલા સર્મમય આત્મન્ ! તત્ત્વ સાથે તાદાત્મ્ય ધરાવનારા હે આત્મન્ ! તું તો વિદેહી ઈશ્વર છે. તું તો પ્રત્યેક વસ્તુનો સર્વ વસ્તુનો આધાર છે. તું તો પ્રાણસ્વરૂપ છે.

ઊઠો ! જાગ્રત થાઓ ! અને તમારી પરમ સત્તા અનુભવો ! તમે ઈશ્વર છો ! અન્ય કંઇ નથી; "તે અને હું એક જ છીએ"–કેવો શાન્તિદાયક વિચાર ! કેવો સુંદર સુખકર આદર્શ ! તે વિચાર સર્વ દુઃખ દૂર કરે છે, આપણા સંસારભાર હળવા કરે છે. ભાઈઓ ! આત્મકેન્દ્રનું વિસ્મરણ કરી બહાર ભ્રમણ ન કરો. આત્માને જ કેન્દ્ર બનાવો. સર્વોત્તમ એવો જે આત્મા તેમાં જ શ્રદ્ધા રાખો.

સ્વા૦ રા૦

૬૧ ઉષા અને સંધ્યા સમયના સૂર્યના ઉદય–અસ્ત વેળાના આકાશના રંગ કેવા મનોહર, સુંદર અને ચિત્રવિચિત્ર હોય છે! હાથનાં કે છપાયેલાં ચિત્રામણ એની સરખામણી જ કેમ કરી શકે? છતાં દિવાન-ખાનામાં ટાંગેલી છબીઓના રંગ તમને વધારે સુંદર લાગે છે નહિ?! કારણ એ જ કે તમે એ છબીઓને "મારી" માની છે.

આકાશના તારામંડળનો ચળકાટ કે ઝગમગાટ કેટલો મનોહર હોય છે? પરંતુ નવવધુની ત્રણ ગજની ચૂંદડીમાં છાપેલું તારામંડળ એથી અસંખ્યગણું આકર્ષક લાગે છે નહિ?! સાડીના તારાઓના મોહ આકાશના તારાને ભુલાવી દે છે! કારણ એ જ કે સાડીની તારા છાપ "હું મારા"ની મ્હોરમાં બંધાયેલી હોય છે. વાહ રે "હું" (આત્મ-) દેવ! તારી કારી-ગરી પર શું શું વારી જાઉં?

સ્વા. રા.

૬૨ તત્ત્વજ્ઞાન માટેનાં શાસ્ત્રો અને સંપ્રદાયો ભૂતકાળમાં પરસ્પર વાદવિવાદ કરીને અદ્વૈત આત્માને સિદ્ધ કરતા અને ભવિષ્યમાં પણ ચર્ચા કરતા કરતા ગાંડાતૂર બની જશે; તત્ત્વજ્ઞાનના પણ હજારો વારા થઇ ગયા અને હજુ લાખો થશે. રીતરિવાજોના સેંકડો ઢગ દટાઇ ગયા અને ભવિષ્યમાં પણ કેટલાએ પોતપોતાને સ્થાને ઉભરાઇ ફુલાઇને ધાતુઓ કે કોલસાની ખાલી ખાણો જેવા જુના બની જશે. અસંખ્ય સામ્રાજ્યો ભૂતળ ઉપર રચાયાં અને કરોડો પોતપોતાનો ઠાઠમાઠ બતાવીને આથમી જશે; ભૂતકાળમાં પણ બુદ્ધિરૂપી (તર્ક) પોપટો કલ્લોલ કરતા ઊડ્યા કરતા હતા અને ભવિષ્યમાં પણ ઊડશે. તત્ત્વજ્ઞાનનાં થોથાં એ પરમતત્ત્વને સિદ્ધ કરવામાં સફળ થાય કે બેભાન થઇને જમીન પર પટકાઈ પડે, પરંતુ મારું સચ્ચિદાનન્દ આત્મસ્વરૂપ તો નિત્ય નિરંતર ચાલ્યું આવે છે અને છે તેમનું તેમ નિર્વિકાર રહેશે.

સ્વા. રા.

૬૩ દેહ જ્ઞાની હોય કે અજ્ઞાની, પરંતુ જ્યાં સુધી દેહ છે ત્યાં સુધી એવો ક્રમ છે કે આસક્તિ વિના લોકોની પેઠે વ્યવહાર કરવો. જેઓ સર્વ ગતિને જાણનારા (જ્ઞાની) છે અને (બીજા) જેઓ પશુ જેવા અજ્ઞાની છે તે બધા લોકજાળની પેઠે લોકના વ્યવહારમાં રહેલા છે. વ્યવહારમાં જેવી રીતે અજ્ઞાની રહે છે, તેવી જ રીતે પંડિત રહે છે, પણ તેમને બંધ અને મોક્ષ આપવામાં વાસનામાત્રનો ભેદ છે. ધીરજવાન પુરુષ જ્યાં સુધી પોતાનું શરીર રહે ત્યાં સુધી એટલે કે અજ્ઞાનીની પેઠે દુઃખની અવસ્થામાં દુઃખ અને સુખની અવસ્થામાં સુખ દેખાડે છે. છતાં તેમાં પોતાની બુદ્ધિને આસક્ત રાખતા નથી. મહાત્મા પુરુષ નિરન્તર અપ્રબુદ્ધની પેઠે સુખમાં સુખીપણું તથા દુઃખમાં દુઃખીપણું બતાવે છે; પાણીમાં સૂર્યનું પ્રતિબિંબ પડેલું હોય તેની ચંચલ તથા અચલ અવસ્થા થાય છે, પણ આકાશના સૂ ની થતી નથી. તેવી રીતે લોકવૃત્તિમાં જ્ઞાની પુરુષ રહે છે. જેવી રીતે સૂર્યદેવ સ્વસ્થ છતાં પ્રતિબિંબમાં અસ્વસ્થ અને ચંચળપણું બતાવે છે, તેવી જ રીતે લૌકિક કર્મોનો જેણે ત્યાગ કર્યો છે, એવો જ્ઞાની વ્યવહારમાં અજ્ઞાનીપણું બતાવે છે.

યો. વા.

૬૪ માનસિક સિદ્ધિઓ કે ચમત્કારના નામથી જગતમાં જે ઓળખાય છે એ બધી માયામય જડ જગતની જ વસ્તુઓ છે; એ પંચતત્ત્વના પ્રપંચની જાળ છે; લોકોને જગત સત્ય તરીકે ઠસાવવામાં જ એ નિમિત્ત બને છે, પણ શાસ્ત્રો તો આ વિશ્વને મહાન્ ભ્રાન્તિ માને છે; અસત્ય ગણીને એનો વૈરાગ્ય કેળવવાનું કહે છે. વેદાંત કહે છે કે મરેલાં ભૂત પ્રેતોની સાથે તમે સંબંધ બાંધીને વાતચીત કરી શકો એ અસંભવિત નથી, પણ ત્યારે એના કરતાં સજીવન હયાત માણસો સાથે સંબંધ બાંધવો શું ખોટો છે? મરેલાં આપણને એ જ સ્વરૂપે આવીને મળે છે કે આપણું મન એવાં રૂપ ધારણ કરે છે એ શંકા પડતી વાત છે. માટે લોક પરલોકમાં ગયેલાં ભૂતપ્રેતો, દેવદેવતા ગણાતાં સૂક્ષ્મ તત્ત્વો, કે એવાં બીજાં સૂક્ષ્મ દૃશ્યોમાં મોહ વધારવો એ સ્થૂલ જગતના માનવીઓ કે વસ્તુઓના મોહ કરતાં પણ વધારે ભયંકર અને બંધનકર્તા છે.

સ્વા. રા.

૬૫ યોગમાર્ગમાં અનેક પ્રકારનાં વિઘ્નો ઉત્પન્ન થાય છે. કોઇ સમયે ચિત્તમાં મોહ થઈ જાય છે, કોઈ વાર વૃત્તિમાં વિક્ષેપ થવા માંડે છે, કોઇ વખતે ધ્યાન જ થઇ શકતું નથી, કોઈવાર યોગના સામર્થ્યથી દિવ્ય (સૂક્ષ્મ) ગંધ, દિવ્ય શ્રવણ તથા દિવ્ય પદાર્થોનું દર્શન થાય છે. કોઈ વખતે અદ્ભુત રસનો, અદ્ભુત સ્પર્શનો, અદ્ભુત શીતલતાનો તથા અદ્ભુત ઉષ્ણતાનો અનુભવ થાય છે, કોઇ સમયે પોતાની આકૃતિ વાયુના જેવી (હલકી, ભારે) થઇ જાય છે, (કે જેથી આકાશગમન અને અદર્શનની સિદ્ધિ પ્રાપ્ત થાય છે.) કોઇવાર સમગ્ર શાસ્ત્રીય અર્થનું જ્ઞાન થાય છે અને કોઇ સમયે દિવ્ય સ્ત્રી વગેરેની પણ પ્રાપ્તિ થાય છે. આવા સર્વ પ્રદાર્થો પોતાના યોગબળથી પ્રાપ્ત થાય તો પણ તત્ત્વવેત્તા યોગીએ એ બધાનો અનાદર કરવો અને પોતાના આત્મજ્ઞાનમાં જ એ સર્વનો ઉપસંહાર કરવો.

મ. ભા.

૬૬ ટેલિફોન ઉપર વ્હાલાની સાથે વિનોદવાર્તા કરવા માંડી; ટેલિફોન એટલો બધો વહાલો લાગે છે કે હાથમાંથી મૂકવો ગમતો નથી. પણ વહાલા પ્રિયતમજી ઘેર પધાર્યા, આંખે આંખ મળી, હૃદયે હૃદય મળ્યાં, આનંદ ઉભરાઈ રહ્યો, હવે ટેલિફોનની શી પરવા રહી ? એવું જ આ સંસારમાં છે. સગાં સંબંધી, સ્નેહીસુહૃદ, ધનવૈભવ, મકાનમિલકત, માનપાન કે ખાનપાન, અધિકાર અને શેઠાઈ–મોટપ, એ બધામાં ગુપ્તપણે જ્યાં સુધી ઈશ્વરનો આનંદ લાગે છે, ત્યાં સુધી એ બધાં વહાલાં લાગે છે, પણ જ્યાં એ આનંદઘન પરમાત્મા સાક્ષાત્ આવીને અંતરમાં, પ્રાણમાં, રોમે-રોમમાં આનંદના ઉછાળા મારીને તમને પ્રેમનું અદ્વૈત ચખાડે, તો પછી એ સાંસારિક વિષયો કે વસ્તુઓની કિંમતજ શી રહે ? એને યાદ પણ કોણ કરે ? એ બધા ટેલિફોન હતા નહતા થઇ જાય છે.

સ્વા. રા.

૬૭ હે રામચંદ્રજી ! ત્રિલોકમાં ત્રણ પ્રકારનો અહંકાર છે, એમાં બે શ્રેષ્ઠ છે અને ત્રીજો ત્યાજ્ય છે. સાંભળો હું તમને કહું છું. (૧) આ બધું વિશ્વ તથા અચ્યુત પરમાત્મા હું છું, મારા વિના અન્ય જગત જેવું કાંઈ છે જ નહિ, આ ઉત્તમ અહંકાર છે. આવો અહંકાર બંધન માટે નહિ પણ મોક્ષને માટે છે અને જીવન્મુકતનો હોય છે. (૨) હું સૌથી પૃથક્, વાળના કલ્પિત સોમા ભાગથી પણ સૂક્ષ્મ (અત્યંત નિરવયવ) છું, આવું જે સંવિત્ છે એ બીજો શુભ અહંકાર છે. આ અહંકાર પણ બંધન માટે નહિ પણ મોક્ષને માટે છે, તથા જીવન્મુકતનો હોય છે. ઉપરાંત આ બન્ને અહંકાર કલ્પના માત્ર છે; વાસ્તવિક–સાચા નથી. (૩) હાથપગવાળા શરીરમાં જે અહંકાર છે એ ત્રીજો લૌકિક તથા તુચ્છ છે. એ દુષ્ટ અને ત્યાજ્ય છે કારણ કે એ મહાન્ શત્રુ છે. અસંખ્ય પ્રકારના આપત્તિદાયક આ બળવાન શત્રુથી હણાયેલાં પ્રાણીઓ ફરીવાર ઊંચાં જ આવી શકતાં નથી એમની ઉન્નતિ જ થતી નથી.

યો. વા.

૬૮ वसनाशनमात्रेण तुष्टाः शास्त्रफलानि ये ।
जानन्ति सानबन्धूस्तान्विद्याच्छास्त्रार्थ शिल्पिनः ॥

અર્થ: સારાં સારાં વસ્ત્રો અને ભોજન સામગ્રી મળે એજ શાસ્ત્રજ્ઞાનનું ફળ છે એમ સમજીને આનંદ માનનારા લોકશાસ્ત્રાર્થના (સુતાર, કડીઆ વ. જેવા) કારીગર છે; જ્ઞાની નથી. એ જ્ઞાનબન્ધુઓ કહેવાય છે. (જેવી રીતે કારીગર લોકોએ તયાર કરેલાં સુંદર મકાનો, ઘરેણાં, કપડાં વગેરે બીજાના ઉપભોગ માટે છે, એ પોતે તો મજૂરીના જ માલિક છે, તેવી જ રીતે શાસ્ત્રાભ્યાસનો ઉપદેશ આપી મજુરી રૂપ અન્નવસ્ત્રની મનમાની સગવડ મેળવે અને પોતે એનો અનુભવ ન કરે એ જ્ઞાનબન્ધુ કહેવાય છે.

યો. વા.

૬૯ દુઃખથી ઉપજેલો અને જ્ઞાનથી ઉભરાઇ આવેલો એમ વૈરાગ્ય બે પ્રકારનો છે; તેમાંનો પહેલો વૈરાગ્ય ઘણુંખરું ઘરબાર, મિત્ર, પુત્રપરિવાર કે ધનની તૃષ્ણાથી ઉપજતાં દુઃખ કે કલેશના અનુભવને અંતે આવી ચડે છે: ત્યારે બીજો (સંસારના મિથ્યાત્વની) સમજણથી ઉપજેલો વૈરાગ્ય આત્મજ્ઞાનના ઉપદેશથી ઉપજે છે, કે જે ઉલટી થયેલી વસ્તુઓમાં થતી ઘૃણા જેવો સાંસારિક વિષયોના ત્યાગ સ્વરૂપ હોય છે. મનને નિયમમાં રાખનારાઓને શરીર (ઘરબાર, મિત્ર, પુત્રપરિવાર, ધનવૈભવમાં અસંતોષ)થી તથા મન (વિષયોમાં સંપૂર્ણ ત્યાગની ભાવના)થી, એમ સંન્યાસ પણ બે પ્રકારનો છે.

શા. શ્લો.

७० **क्वचिन्मूढो विद्वान् क्वचिदपि महाराज विजयः**
**क्वचिद् भ्रान्तः सौम्यः क्वचिदजगराचार कलितः।**
**क्वचित्पात्री मूतः क्वचिदवमतः क्वाप्य विदितः**
**चरत्येवं प्राज्ञः सतत परमानन्दमुदितः ॥**

ભાવાર્થ : બ્રહ્મવિદ્ પુરુષ કોઇ ઠેકાણે (અજ્ઞાની-ઓની દૃષ્ટિએ) મૂઢ જેવા, કોઇ ઠેકાણે (વિવેકી ધનાઢયે પૂજન કરેલું હોય તો) મહારાજાના જેવા વૈભવવાળા, કોઈ ઠેકાણે ભ્રમણ કરતા, કોઇ ઠેકાણે પ્રિયદર્શનવાળા, કોઈ ઠેકાણે અજગરના જેવી રીત રાખીને પડયા રહેનારા, કોઇ ઠેકાણે (જિજ્ઞાસુઓવડે) સત્કાર પામેલા, કોઈ ઠેકાણે (દુર્જનોવડે) અપમાન પામેલા તથા કોઇ ઠેકાણે ઓળખી ન શકાય તેવી રીતે વિચરે છે. એવી રીતે (પ્રારબ્ધની વિચિત્રતાને લીધે એમના બાહ્ય વ્યવહારમાં અનેક પ્રકારનો ભેદ હોવા છતાં પણ એ) બ્રહ્મવેત્તા (પોતાના અંતઃકરણમાં) નિરન્તર પરમાનન્દ વડે સુખી હોય છે.

વિ. ચૂ.

૭૧ જેવી રીતે "હું સુખી છું-હું દુઃખી છું" એવી ભાવના મનુષ્ય બહારની અવસ્થાભેદને લીધે નહિ, પણ પોતપોતાના દૃષ્ટિભેદને લીધે, શરીરભાવે અસંખ્ય જન્મથી વગર સમજ્યે કર્યા કરે છે, તેવી જ રીતે શરીર અને આત્માનો વિવેક કરીને, આત્માના સચ્ચિદાનંદ સ્વરૂપની ભાવનાને અંતઃકરણમાં દૃઢ કરવાનો અભ્યાસ કરે, અને શરીરભાવે થતાં કર્મમાં ધર્મ-નીતિ દ્વારા સદાચારી અને સંયમી બની જીવન ગાળે, તો એવો અભ્યાસ કરવાનું અઘરું કેમ મનાય? સુખ તથા દુઃખ બન્ને ભાવનામાં જ છે, શરીરની ક્રિયા દ્વારા થતા બાહ્ય સંયોગોમાં નથી એ વાત જેવી નિર્વિવાદ છે, એવી જ વાત "હું સદાસર્વથા સચ્ચિદાનંદ છું" એવી ભાવનામાં જ છે. આત્મભાવના કેળવવાથી ત્યાગ, તપશ્ચર્યા, સંયમ તથા સદાચાર સ્વાભાવિક રીતે અને અલ્પ પ્રયત્ને જ સિદ્ધ થઈ શકે એ પણ એટલું જ નિર્વિવાદ છે. આ અજ્ઞાન એટલે જ સૌએ પોતપોતાની મેળે જ વહોરી લીધેલી માયા, અવિદ્યા, પ્રકૃતિપરાયણતા અથવા દેહબુદ્ધિનો અધ્યાસ છે.

વિ. ભ.

૭૨ સત્ત્વગુણ પાણીના જેવો અત્યંત નિર્મલ છે, છતાં પણ બીજા બે (રજોગુણ તથા તમોગુણ)ની સાથે મળીને સંસારનું કારણ થઇ શકે છે. જેમાં (જે સત્ત્વગુણના કાર્યરૂપ બુદ્ધિમાં) બિંબરૂપ શુદ્ધાત્મા પ્રતિબિંબભાવને પામવાથી સૂર્યની પેઠે સમસ્ત જડ (જગત)ને પ્રકાશે છે. અમાનીપણું, યમનિયમ, શ્રદ્ધા, ભકિત, મોક્ષની ઇચ્છા, દૈવી સંપત્તિ તથા અસત્‌નો ત્યાગ, આ બધા (રજોગુણ તથા તમોગુણના કૈંક દબાઈ જવાથી) મિશ્ર સત્ત્વગુણના ધર્મો છે.

વિ. ચૂ.

૭૩ શ્રદ્ધા રાખજે કે જેટલું એ (તત્ત્વવિદ્) શીખવે તેટલું જ તારા અધિકારનું અને એટલું જ અમૃત છે. એ વિનાનું શાસ્ત્રસાગરનું બધું જલ તારા માટે વિષ ભંડાર છે એમ નિશ્ચય માનજે; જે શીખવે તે શીખજે, પૂછતાં પૂછતાં જેટલા ઉત્તર મળે તે જ તારા હિત માટે છે એમ સમજીને વધારે ઉત્તર ન મળે તો રખે એમને અજ્ઞાની માની લેતો. રખે તને પોતાને ડહાપણનો ભંડાર સમજતો; કશું નથી શીખવતા કે નથી જાણતા, મારે તો આ શીખવું છે ને પેલું, એવી કુબુદ્ધિ ન કરી બેસતો; પરિપ્રશ્નનો અર્થ મિથ્યા તર્ક નહીં, અતિપ્રશ્ન નહીં, જેમ આવે તેમ બકવાદ નહીં, પણ પોતાને માટે યોગ્ય હોય તેવું પૂછવાનો, સાંભળવાનો, અને જેટલું કહે, વધારે કૈં પણ ન કહે કે, તારું મનમાન્યું ન કહે, તો પણ શ્રદ્ધાભક્તિ ન ગુમાવતો; તારા માર્ગમાંથી આડો અવળો ન જતો.

સા. જ્યો.

૭૪ વેદાન્તની દૃષ્ટિએ બીજાની લાગણી દુભાય એટલા જ માટે સત્યને છુપાવી રાખવું, એ સત્યનો વધ કરવા જેવું છે એના કરતાં તો પ્રાણ ત્યાગ કરવો ઉત્તમ છે. આવી ખોટી દયા કે લાગણી બતાવીને બીજાનાં દંભ, અધર્મ વગેરેને પોષવાં એ મહાન્ પાપ છે. જો તમે સત્યને એમ જ સમજતા હો કે તમારાં સહવાસી, સગાં સંબંધીઓની અયોગ્ય ઇચ્છાઓ તથા કર્મોને નભાવી લેવામાં જ તમારી દયા કે ઉદારતા છે, તો એ સત્યનો જ નહીં પણ તમારા મનુષ્યત્વનો પણ નાશ કરે છે. પશુ બીજા પશુની ખરાબ ટેવોને નથી સુધારી શકતું કે નથી એનાથી દૂર જઈ શકતું; તમે પણ જગતના દંભને નભાવી લેવા જ ઇચ્છતા હો તો તમે પણ પશુના જેવા જ પેટપાળુ, સ્વાર્થી અને વધારામાં દંભી જ છો.

સ્વા. રા.

૭૫ જેની સાથે તમારો મનમેળ છે, સ્વભાવમાં સરખાપણું છે, એ જ તમારાં સાચાં સગાંસબંધી અને ઇષ્ટજન છે. લોહીનો સંબંધ જ સાચો સંબંધ નથી. સાથે રહેનારાં પણ સાચાં મનમેળનાં સંબંધી કે સ્નેહી નથી. એમ તો જે મકાનમાં તમે રહેતા હો, એમાં માંકડ, મચ્છર, માખી, કીડી, મંકોડા, ઊંદર, બિલાડી, ઊડીને અંદર આવનારાં ચકલાં, પોપટ, કબૂતર અથવા આંગણે બાંધેલાં ઢોર પણ તમારી સાથે સંબંધ રાખે છે, તમારા જ અન્નજલમાંથી ખાયપીએ છે, પણ એનો અને તમારો મનમેળ નથી; સ્વભાવ અને ધર્મ જુદા છે. તમારાં સાચાં સંબંધી તો તમારાં ત્યાગ, જ્ઞાન, ભકિત કે સદ્‌ગુણ સાથે મેળ રાખતાં હોય એ છે અને હોવાં જોઈએ. માટે ક્યાં સદ્‌ભાવ કે પ્રેમ રાખવો એનો વિવેક રાખજો. લોહીનાં, ઓળખાણવાળાં, સંસારી સ્વાર્થનો અદલોબદલો ઇચ્છનારાં પામર મનુષ્યો જ તમારાં સંબંધી છે એમ ન માનશો. તમારા સ્વભાવને અનુરૂપ આપ્તજનો તમારાથી સેંકડો ગાઉ દૂર હોવા છતાં, એની આંતરિક પ્રેરણા, લાગણી, તથા સદ્‌ભાવથી તમને જે પોષણ મળશે, એ જ તમને ઉન્નતિને પન્થે વાળશે.

સ્વા. રા.

૭૬ (૧) મનમાં એક મનુષ્યની બીજાની સાથે સરખામણી કરવી.

(૨) મનમાં બીજા કોઇ મનુષ્યની પોતાની સાથે સરખામણી કરવી.

(૩) વર્તમાન સ્થિતિને ભૂતકાલ સાથે સરખાવીને ભૂતકાલને માટે મનમાં ખેદ કરવો.

(૪) ભવિષ્યને માટે કલ્પનાઓ કરવી અને ગભરાઇ જવું.

(૫) અનન્ય આત્મસત્તા ઉપર વિશ્વાસ ન રાખતાં અન્ય પાર્થિવ પદાર્થ કે સત્તામાં આશ્રય શોધવા જવું.

(૬) દૃશ્ય પ્રપંચની પરાધીનતા અને આત્મસત્તા ઉપર અવિશ્વાસ.

(૭) લોકસમૂહનાં વચનનો અને બાહ્યકર્મો ઉપરથી એમના વિષે ઉતાવળીઓ અભિપ્રાય બાંધીને અધ્યાત્મતત્ત્વ ઉપર અવિશ્વાસ અને અસંતોષ.

(૮) લોકસમૂહની સાથે વાતચીત કે વ્યવહારમાં સાવધાનતા ન રાખતાં સાંસારિક પ્રવાહમાં ઊંડા અથવા આડમાર્ગે ઊતરી જવું

આ આઠ કારણો જ માનવીય જીવનમાં અસંતોષ ઊભો કરે છે, માટે આ ઉપાધિ અષ્ટકનો સર્વથા ત્યાગ કરો. ૐ !

૭૭ અહીં તમારી પાસે એક કોયલાનો કકડો છે અને પણે એક તેજસ્વી હીરો છે.

હીરામાં કોયલાના કરતાં તદ્દન નવા (જુદા) ગુણો છે, છતાં તેઓ ખરી રીતે એક જ વસ્તુ છે. વિજ્ઞાન એ વાત સાબીત કરે છે. હીરા અને કોયલામાં ભેદ માત્ર તેના નામ અને ગુણકર્મને લીધે જ છે. તે પ્રમાણે વેદાન્ત તમને કહે છે કે અહીં જેને તમે ખરાબ વસ્તુ અને સારી વસ્તુ કહો છો, જેને તમે મિત્ર કહો છો અને જેને તમે દુશ્મન ગણો છો, તે સર્વમાં, જેમ હીરા અને કોયલામાં કાર્બન રહેલો છે તેમ, એક જ ખરી વસ્તુ રહેલી છે. આ જગતનો ભાસ, એનાં નામ અને રૂપ સિવાય બીજું કંઇ જ નથી. આ જુદી જુદી ભિન્નતા તે તમારી આંતરભ્રમણાને લીધે જ છે. પરંતુ આ નામ અને રૂપમાં પણ પરમેશ્વર પોતે જ પ્રકાશી રહ્યો છે. આ પ્રમાણે જે બધામાં સમભાવે જુએ છે તે જ ખરેખર જુએ છે, અને ખરા ચક્ષુવાળો પણ તે જ છે.

સ્વા. રા.

૭૮ કોઇ માણસ સૂંડલો અને કોદાળી લઇને કહે કે 'આ આખી પૃથ્વી હું ખોદી નાંખીશ.' બીજો કોઇ ગેરૂ, હળદર અને લાખના રંગો લઇને કહે કે 'આ આખું આકાશ હું રંગી નાંખીશ!' ત્રીજો કોઈ ઘાસનો પુળો સળગાવીને કહે કે 'આ આખી ગંગા નદીનું પાણી હું ઉકાળી નાખીશ.' તો આવા માણ-સોના કહેવાથી કે એમના ગાંડા પ્રયત્નોથી પૃથ્વી, આકાશ કે ગંગા નદી ઉપર કાંઇ જ અસર થશે નહિ. તે પ્રમાણે બીજા લોકોના બોલવાથી તમારા અંતઃકરણ ઉપર જરાયે ખરાબ અસર ન થાય, ત્યારે જ તમારું અંતઃકરણ પૃથ્વી, આકાશ અને ગંગા નદી જેટલું વિશાળ થયું છે, એમ હું માનું.

ગૌ. બુ.

૭૯ દસે ઇંદ્રિયોને દોરનારું આંધળું મન પ્રત્યક્ષ જગતમાં રમ્યા કરે છે. એમાં હેતુ તો આનંદ માણવાનો છે, પણ એને બદલે એની પોતાની સામે દુ:ખના ડુંગરા ખડકાય છે, પોતાનું ધાર્યું થતું નથી; કરવા ઈચ્છે છે કાંઈ અને થઇ જાય છે કાંઇ બીજું જ. પછી દોષ ઢોળે છે બીજાના ઉપર. પોતાની વાસના, અણઆવડત કે અશકિતનો વિચાર કર્યા વિના જ બીજાના દોષ અને વિઘ્ન નાંખવાના આરોપથી મન વધારે મેલું બનતું જાય છે. દિવસે દિવસે નિરાશા વધે, કર્મ કરી કરીને ઇન્દ્રિયો નબળી પડે, શરીર થાકે, અને પ્રારબ્ધયોગે મળેલાં સગાંસંબંધી, સ્નેહીવર્ગ કે બીજાં માલમિલ્કતનાં સાધનના અભાવ ઉપર નિષ્ફળતાનો કળશ ઢોળી પાડવાનું બહાનું જ જ્યાં શોધાતું હોય, ત્યાં પછી દુ:ખના જ પર્વતો ઊભા ન થાય તો સ્વર્ગ થોડું ખડું થવાનું હતું !

વિ. ભ.

૮૦ નિરંતર એશઆરામની પાછળ મંડ્યા રહેવું એનું નામ, જીવન છે એમ માનવું એ અધાર્મિકતાની પરાકાષ્ઠા છે. દુઃખ એ જીવનમાં અકસ્માત્ આવી પડેલી વસ્તુ નથી, પણ એ જ જીવનનું કેન્દ્ર છે. દુઃખ અને વેદનામાંથી જ પ્રત્યેક મહાન કાર્ય જન્મે છે. જીવનનો હેતુ પ્રેયસ્ નથી પણ શ્રેયસ્ છે. આનંદ-પરાયણ જીવન અને જીવનનો આનંદ એ બન્ને એક વસ્તુ નથી. જો દુઃખ આપણને આપણા ધ્યેયની નજીક લઈ જતું હોય, તો તે પણ એશઆરામભર્યા જીવન જેટલું જ સુખમય છે અને પોતાના ધ્યેયની પ્રાપ્તિમાં એ સહાય કરે છે એવું જો સમજાય, તો ભારેમાં ભારે દુઃખ પણ આનન્દપૂર્વક સ્વીકારી શકાય.

ડૉ. શ.

૮૧ મૂર્તિના ધ્યાનમાં એકાગ્રતાનો પ્રયત્ન કરનારે બીજાં બધાં નામરૂપમાંથી મનને વાળી લઈને એક જ મૂર્તિમાં નિરંતર લગાડી રાખવાનું છે, એવું બ્રહ્માભ્યાસના સંબંધમાં નથી; કારણ કે બ્રહ્મ સર્વ-વ્યાપક અને નામરૂપથી મુકત હોઇ જ્યાં જ્યાં ચિત્ત જાય ત્યાં ઉપાધિમુકત બ્રહ્મ જ છે એવો ભાવ કરવાનો છે. એક જ મૂર્તિનું ધ્યાન કરવામાં ચિત્તને ત્યાં જ બાંધવાનું છે. બ્રહ્માભ્યાસ કરવામાં મનને સમસ્ત મૂર્તિસમૂહમાં બ્રહ્મદર્શન કરાવીને સમસ્ત દ્વૈતના બંધનથી મુકત થવાનું છે. ધ્યાન અને જ્ઞાનની અભ્યાસ –સાધનામાં આવો મહત્ત્વનો તફાવત છે.

વિ. ભ.

૮૨ યોગવાસિષ્ઠમાં લખ્યું છે કે પુરુષાર્થથી જ સર્વ કાર્યોની સિદ્ધિ થાય છે. સમસ્ત બુદ્ધિમાન પુરુષોનાં કામ પુરુષાર્થથી જ થાય છે. પ્રારબ્ધ શબ્દ તો ફક્ત એવા લોકોને આશ્વાસન આપવા ઘડી કાઢવામાં આવ્યો હતો કે જેઓ કોમલ ચિત્તના હોવાથી તેમની ઉપર કંઇ વિપત્તિ આવી પડે ત્યારે તેઓ હાયવોય કરી મૂકે નહિ. નહિ તો હમેશાં જીવનનાં સઘળાં કાર્યો પુરુષાર્થથી જ થાય છે. મનુષ્ય ભોજન જમે છે તે પણ પુરુષાર્થથી, પાણી પીએ છે તે પણ પુરુષાર્થથી, નોકરી પણ પુરુષાર્થથી જ કરે છે, અને કોઈ સાર્વજનિક કાર્ય કરે છે તો તે પણ પુરુષાર્થથી જ.

સ્વા. રા.

૮૩ ચિત્તની નિર્મલ પ્રસન્નતાથી માણસ શુભાશુભ સકામ કર્મના ફલભોગનો નાશ કરે છે. પ્રસન્નચિત્ર મનુષ્ય આત્મ-નિષ્ઠ રહીને મોક્ષરૂપી અનંત સુખ ભોગવે છે. તૃપ્ત થયેલો માણસ જેમ સુખે સૂએ છે, અથવા પવનવિહોણા સ્થાનમાં કુશળ રીતે સળગાવેલો દીવો જેમ એક સરખો બળે છે, તેમ નિર્મલચિત્ત માણસ વૃત્તિક્ષોભ ન પામતાં શાંત રહે છે; આ ચિત્તશુદ્ધિનું લક્ષણ છે. વિશુદ્ધચિત્ત પુરુષે પહેલી તથા પાછલી રાતે મનને સ વ પરમાત્મામાં જોડવું. અલ્પ આહાર રાખવો અને પોતાના અંતરમાં આત્માનું દર્શન કરવું. જેમ ઝગમગ બળતા દીવાથી બીજી વસ્તુઓ તે જુએ છે, તેમ મનરૂપી દીપકથી તે આત્માને જુએ છે. આવી રીતે નિર્ગુણ આત્માનાં દર્શન પામતાં તે મુક્તિ પામે છે.

મ. ભા.

૮૪ સર્વત્ર અભેદાનુભવ આવવા માંડે, આત્મા જ સર્વત્ર વિલસતો અનુભવાય અને જેમ પોતાના ઉપર વ્યવહાર માટે કાંઇ રાગદ્વેષ થતા નથી તેમ સર્વત્ર થાય, અને માત્ર ઉપેક્ષા જ નહિ પણ એક પોતાના ઉપર જેવો પ્રેમ છે તેવો એ પ્રકારે સર્વત્ર પ્રેમ ઉદય પામે, એટલે જે અવર્ણ્ય આનંદ આવે છે, જે અલૌકિક શાન્તિ અનુભવાય છે, વ્યાવહારિક એવા નિર્વાહાદિમાં પણ ચિન્તા અને વ્યગ્રતાનો જે અસ્ત થાય છે અને આત્માનંદની ઊર્મિમાત્ર સફલ થતી ચાલે છે, એ સર્વ પ્રકાર વર્ણવી શકાય એવા નથી; નિર્વિકલ્પ સમાધિની એ જ દશા છે; એ આનંદ મૌન રીતે જ અનુભવાય છે; બ્રાહ્ય વ્યવહારના આભાસથી તેમાં વિક્ષેપ આવતો નથી, એ આનંદમાં ત્રિપુટીમાત્રનું ભાન મટી જાય છે, સર્વત્ર આત્મરૂપતા જ અનુભવાય છે.

મ. ન.

૮૫ પરમાત્માને સર્વજ્ઞ, સર્વવ્યાપક, સર્વશક્તિમાન અને અન્તર્યામી માનતા હોઇએ તો તેની અપેક્ષાએ આપણું ક્ષુદ્ર અહંભાન, આપણું તુચ્છ હું-પણું, અલ્પજ્ઞતા, અધૂરી સમજણ અને અણઆવડત, અલ્પ-દેશીય, અલ્પકાલીન (બંધનગ્રસ્ત), અલ્પશક્તિમાન્ (બહુ થોડું કરી શકે એવું) છે; પરમાત્મા અન્તરમાં સદા વિરાજમાન્ હોવાથી આપણા બધા વિચારો અને કર્મોને જોઈ તપાસીને, જેવાં કર્મ તેવા ફલભોગ આપનારા છે. આવી રીતે પરમાત્મા તથા જીવાત્માના ભેદનો વિચાર કરીને જ આપણે જીવન જીવવું જોઇએ. ક્ષણે ક્ષણે એ પરમાત્માનું સાન્નિધ્ય અનુભવીને વિચારો અને કર્મોમાં થતા દોષ નિવારવાની સાવચેતી રાખવી જોઈએ; અન્તર્યામી પરમાત્માની જીવનસુધારણા માટે અહોનિશ પ્રાર્થના ચાલુ રહેવી જોઈએ એ સૌથી શ્રેષ્ઠ સાધન છે.

વિ. ભ.

૮૬ જે વ્યક્તિ અથવા જાતિ આગળ વધવાની ના પાડે છે, તેને દૈવ અથવા પ્રકૃતિનો નિયમ ફટકા મારે છે. આ નિયમ અટલ છે. તેમાં કોઈને પણ છૂટછાટ નથી મળી શકતી. પરમેશ્વર કોઈપણ જાતિ અથવા સંપ્રદાયનો પક્ષકાર નથી. જે કોઇ તેના નિયમાનુસાર વર્તે છે તેને તે ચાહે છે અને તે જ બચી જાય છે; પરંતુ જે તેના નિયમોનો ભંગ કરે છે તે તેનો શત્રુ હોઈ નાશ પામે છે. જરા વિચારી જુઓ કે તમે સાંસારિક રાજ્યના નિયમ વિરૂધ્ધ વર્તો તો પણ તરત શિક્ષા પામો છો; તો પછી ઇશ્વરીય નિયમનું ઉલ્લંઘન કરીને બચી જવાની આશા રાખવી એ તો નરી મૂર્ખતા જ કહેવાય ! ધર્મ—શાસ્ત્રાનુસાર પણ આગળ વધવામાં ના પાડવી એનું જ નામ પાપ. એ તમોગુણ પણ કહેવાય છે.

સ્વા. રા.

૮૭ આપણે સમજીએ છીએ તે પ્રમાણે હિંદુધર્મ, ઇસ્લામધર્મ, ખ્રિસ્તિધર્મ, એવો સંકુચિત અર્થ નથી, પણ ધર્મ એ આકાશ અથવા પૃથ્વી તત્ત્વ જેવો છે. પૃથ્વી પર જેમ જુદાં જુદાં ઘરો દેખાય છે, તેમ સાધનરૂપે ધર્મનાં ભિન્ન ભિન્ન રૂપો થયેલાં છે. સર્વનું ધ્યેય એક જ છે. માત્ર સાધન જુદાં છે. માટે અમુક શ્રેષ્ઠ, અમુક કનિષ્ઠ એવો ભેદ માનવાનું કારણ નથી. ધર્મનો અર્થ સ્થિરતા લાવવાનો છે. જગત સ્થિર નથી પણ ચંચળ છે. તેમાં પ્રત્યેક ક્ષણે ફેરફાર થાય છે. જગતના નૈસર્ગિક સ્વભાવના પ્રવાહને રોકી રાખી, તેમાં સ્થિરતા આણવી તેને જ ધર્મ કહે છે. જગતમાં આવો ભેદભાવ છે, તો પણ મનુષ્યના હૃદયમાં સમતાની ભાવના છે અને એ ભાવનાના જોર ઉપર વિષમતાને રોકવી એને જ ધર્મ કહે છે. કિંવા પોતારૂપ બીજાને જોવું એને પણ ધર્મ કહેવાશે. આ તત્ત્વની અંદર જોઇશું તો બે તત્ત્વ જોવામાં આવશે; એક, બીજાનું કલ્યાણ થાય એવું કરવું તે; અને બીજું બીજાનું અકલ્યાણ અથવા હાનિ થાય એવું ન કરવું તે. આ બે પૈકી પહેલાને ધર્મ અને બીજાને રાજ્ય કહેવાય છે. ધર્મનું કામ બીજાનું કલ્યાણ કરવું અને રાજ્યનું કામ બીજાને હાનિ ન થવા દેવી; પણ આ બેઉ સત્તા ચલાવનાર મનુષ્ય માત્ર સમબુદ્ધિના જોઇએ. અને બેઉએ પોતાનાં કર્તવ્ય યોગ્ય પ્રકારે પાળવાં જોઇએ; તો જ સમાજમાં સ્થૈર્ય આવે અને સમાજ સુખી થાય. નહિ તો જે ચાલે છે તે તો ચાલતું જ રહેવાનું છે ને?

પ્ર. સ્વ.

૮૮ વૃક્ષ પણ જીવે છે અને મૃગ તથા પક્ષીઓ પણ જીવે છે; પરંતુ સાચું જીવવું તો તેનું છે કે જેનું મન તત્ત્વજ્ઞાનને લીધે તુચ્છરૂપ થઈ ગયું હોય. જગતમાં જન્મેલા જે પુરુષોને ફરીવાર જન્મનો ભય મટી જાય, તેઓનું જીવવું જ સફલ છે. બીજા પુરુષો તો લાંબા કાળ સુધી જીવે તો પણ તેમનું જીવવું ઘરડા ગધેડાના જેવું છે. અવિવેકીને શાસ્ત્ર પણ ભારરૂપ છે. વિષયોમાં રાગવાળાને જ્ઞાન પણ ભારરૂપ છે; અશાન્તને મન પણ ભારરૂપ છે. અને આત્માને નહિ જાણનારને શરીર પણ ભારરૂપ છે. ભાર ઉપાડનારને જેમ ભાર દુઃખને માટે જ છે, તેમ દુર્બુદ્ધિ પુરુષને રૂપ, આયુષ્ય, મન, બુદ્ધિ તથા અહંકાર એ બધું દુઃખરૂપ જ છે.

યો. વા.

૮૯ અધ્યાત્મ વિદ્યાના ઋષિઓએ સતયુગના વારામાં તત્ત્વસાક્ષાત્કારનાં સાધન–સાધનાનો સન્માર્ગ બતાવી –ગોઠવી તૈયાર કરી આપ્યો છે. એ મહામાર્ગના સરલ અને સીધા પંથને છોડી દઈને કે આચાર્યગણ, ઋષિઓ, તત્ત્વદર્શી સન્તો અને ત્યાગનિષ્ઠ તપસ્વીઓએ જીવન સંશોધન કરીને ચીંધી રાખેલા આર્ષમાર્ગને જાણી જોઇને વિસારી મૂકીને, જેઓ ભોમિયા વિના જ ડુંગરા ભમવા–ખૂંદવાના શોખ સેવતા હોય તેમને ભમવા દેજો. એમને ડુંગરા ભમવા છે, શિખરે પહોંચવું નથી; તત્ત્વશિખરનો દર્શક તો પેલો અંતર્યામી સચ્ચિદાનંદ આત્મદેવ એવો અનુભવસિદ્ધ ગુરુ છે કે ન ભૂતો ન ભવિષ્યતિ; એનું શરણ લઇને એ માર્ગે વળજો; એના ઉપદેશ સાંભળીને પગલાં ભરજો; એનાં અનાહત નાદ, અવિરત પ્રસાદ અને અનુપમ બ્રહ્માનંદ તમને નિરંકુશ તૃપ્તિ અપાવશે.

વિ. ભ.

૯૦ જેણે વીજળીની, શરદઋતુનાં વાદળાંઓની અને આકાશમાં દેખાતાં નગરોની સ્થિરતાનો નિશ્ચય કર્યો હોય એવો માણસ ભલે આ શરીરની સ્થિરતાનો વિશ્વાસ રાખે. (૧–૧૯–૬૧)

બાળવાના કામમાં જ આવે એવાં ઘણાં શરીરરૂપી લાકડાં આ સંસારરૂપી સમુદ્રમાં તણાતાં જાય છે તેમાં કેટલાંએક લાકડાં "મનુષ્ય" કહેવાય છે. (૧–૧૯–૪૭)

જેઓ મોહરૂપી મદિરાથી ઉન્મત્ત બનીને શરીર અને જગતની સ્થિતિ ઉપર વિશ્વાસ રાખે છે, તેઓને વારંવાર ધિક્કાર છે, ધિક્કાર છે. (૧--૧૯--૫૨)

યો. વા.

૯૧ હે ભારતવાસી ! સ્મરણમાં રાખ કે તું આરંભથી જ એવા દેશમાં જન્મેલો છે કે જ્યાં રૂપિયાવાળાનાં માન અને મહિમા નથી; પરંતુ સદ્ગુણવાળાની જ મહત્તા છે; જ્યાં હજુ સુધી પણ રૂપિયાને ન અડકનાર સંન્યાસી તેના જ્ઞાનને લીધે નારાયણસ્વરૂપ મનાય છે; અને જ્યાં એક પર્ણકુટિમાં રહેનારો, નગ્ન અને ફળફૂલ ઉપર ગુજરાન ચલાવનાર ગરીબ બ્રાહ્મણ તેનાં જ્ઞાન અને પવિત્રતાને લીધે દેવતા સમાન પૂજાતો હતો; તેને માત્ર સામાન્ય મનુષ્યો જ પૂજતા હતા એમ નહિ, પરંતુ (બળવાન, સુશોભિત વસ્ત્રોમાં સજાએલા, ઝવેરાતથી આભૂષિત થયેલા) રાજા મહારાજાઓ પણ તેની આગળ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતા હતા.

સ્વા. રા.

૯૨ રામ તમને એવો ધર્મ સમજાવે છે જે શેરીએ શેરીએ મળી શકે એવો છે. વૃક્ષનાં પાંદડાં ઉપર લખેલો છે; નદીઓ જેનાં ગાન ગાય છે; પવન મારફત ધીરે ધીરે સંભળાય છે; જે તમારી નસ નાડીઓમાં ફડક્યા કરે છે; જે તમારી દિનચર્યા અને હૃદય સાથે સંબંધ ધરાવે છે; જેને માટે તમારે કોઈ ખાસ મન્દિરમાં જઇને શીખવું પડે એમ નથી. એ એવો ધર્મ છે કે જે પ્રમાણે તમારે તમારું જીવન જીવવું પડશે; તમારા દૈનિક જીવનમાં એને ઉતારવો પડશે. એ પ્રમાણે તમારા ચૂલાચોકામાં વર્તવું પડશે; એ ધર્મ પ્રમાણે જ સર્વત્ર તમારે તમારું જીવન વ્યતીત કરવું પડશે.

સ્વા. રા.

૯૩ ગંગા વગેરે તીર્થોમાં માછલાં અને દેવાલયો પર પક્ષીઓનાં ટોળાં કાયમ વસે છે, પણ તેઓ શ્રદ્ધારૂઢ ભાવથી રહિત હોય છે તેથી કંઈ જ ફળ પામતાં નથી. તે જ પ્રમાણે ભાવ તથા શ્રધ્ધાથી રહિત હરકોઈ મનુષ્ય તીર્થમાં સ્નાન કરે, તેમ જ દાન કરે તોયે તેથી કંઇ જ ફળ પામતો નથી. માટે ભાવશુધ્ધિ (ચિત્તની નિર્મળતા) એ જ સર્વોત્કૃષ્ટ શૌચ છે; સંપૂર્ણ પવિત્રતાનું કારણ છે અને એ જ સર્વ કર્મોમાં પ્રમાણ અથવા મુખ્ય ગણાય છે.

શિ. પુ.

૯૪ હજારો રાજા મહારાજા ભગવાન્ શ્રીકૃષ્ણચંદ્રના સહવાસમાં આવ્યા હતા, પણ ઉપનિષદ્રૂપી ગાયોનું દુગ્ધામૃત તો અર્જુનને જ પીવા મળ્યું અને એ પણ જ્યારે એણે રાજપાટ, સગાંસંબંધી, વૈભવ, પ્રાણ, મસ્તક, સાંસારિક ધર્મો અને લોકપરલોકને ગુરુદેવ શ્રી કૃષ્ણચંદ્રને ચરણે મૂકી દીધાં ત્યારે. વૈરાગ્યનો ધગધગતો અગ્નિ બન્યો ત્યારે આત્માના અમૃતજલનું સિંચન એના બળતા હૃદય પર થયું. જો જિજ્ઞાસા તીવ્ર હોય તો કોઈ અનુભવી આત્મનિષ્ઠની કૃપા આપોઆપ ખેંચાઈ આવે છે. કોલસામાં અગ્નિ પ્રકટ થતાં જ આસપાસથી પ્રાણવાયુ સ્વાભાવિક રીતે જ એમાં પુરાવા માંડે છે, તો પછી મનુષ્યનો હૃદયાગ્નિ શું એટલો નબળો છે કે એને પરમગુરુથી વંચિત રાખે ? સાચો મુમુક્ષુ આવશ્યક ગુરુકૃપાથી વંચિત રહે એ વાત જ અસંભવિત છે.

સ્વા. રા.

૯૫ સરસ્વતીને વિસારીને, એનું અપમાન કરીને લક્ષ્મીને જ ઉપાસ્ય કે સાધ્ય માનીને એની પાછળ ઘેલા બનનારાઓની દુર્દશા તો જુઓ! પૈસો, વૈભવ, આ પદાર્થ અને પેલી વસ્તુ, આમ કરું ને તેમ કરું, આટલું મેળવ્યું અને આટલું મેળવવાનું છે, આવી દોડધામમાં જ લક્ષ્મીની કૃપા શોધનારાઓ, વૈભવ માટે જ લડી મરતા સામાન્ય મનુષ્યથી માંડીને પૃથ્વીપરના સમાજવાદીઓ કે સામ્યવાદીઓએ યુદ્ધો નોતરીને નરકાગાર ઊભું કર્યું છે અને તેથી જગત્ ત્રાહિ ત્રાહિ થઈ રહ્યું છે! શાંતિ, સુખસંયમ અને શીલનું સૂચન અને પ્રેરણા આપનારી, સદ્વિદ્યા અને સદ્‌શાસ્ત્રોની મૂર્તિ જેવી સરસ્વતીની ઉપાસના ભૂલીને ચંચળ અને અનેક માયારૂપ ધારણ કરનારી વિષ્ણુ-રૂપી આત્માની શુદ્ર દાસી જેવી લક્ષ્મીને જ ઈષ્ટ માનનારા દેશની પામર દશા ન થાય તો બીજું શું બને!

સા. જ્યો.

૯૬ એક જ અંતઃકરણમાં ઈશ્વરભક્તિ અને ઐશ્વર્ય-ભોગની વાસના એક સાથે રહી શકે જ નહીં. એ બન્નેનો કુદરતી રીતે જ વિરોધ છે. ભોગ અને ઐશ્વર્ય એ અજ્ઞાન તથા અંધકાર છે; એ દુઃખમય અને નાશવાન છે. જ્યારે ઇશ્વરનું સ્વરૂપ સંપૂર્ણ સુખ અને પ્રકાશ છે. એ નિત્યજ્ઞાન છે. ઇશ્વરભક્તિમાં ઇશ્વરની પાસે સંસારના કે માયાના પદાર્થો માગવા માટે ભિખારી બનવાનું નથી. જગત અને જગતના ભોગો પૂર્વ કર્મ પ્રમાણે આવી મળ્યા છે. નવું સુખ કે નવું દુઃખ કોઇને મળ્યાં નથી કે મળવાનાં નથી. અત્યારે દુઃખ હોય અને ભવિષ્યમાં સુખ જોઇતું હોય તો ઇશ્વરના વિરાટ સ્વરૂપ જેવાં જગતના પ્રાણી માત્રને સુખી કરો, એટલે એ સત્કર્મના ફલરૂપે તમને સુખ મળશે. અત્યારે થોડું સુખ હોય અને ભવિષ્યમાં વધારે સુખની ઇચ્છા હોય તો પણ એ વિરાટ પરમાત્મા જ ભવિષ્યમાં તમને વિશેષ સુખ આપશે.

સા. જ્યો.

૯૭ આપણે જાણીએ છીએ કે પ્રકાશ વિના આપણે કાંઇ પણ જાણી કે જોઈ શકતા નથી અને આ તો જાગ્રત-દશાની વાત થઇ; પણ સ્વપ્નમાં તમને કોના અને કેવી જાતના પ્રકાશથી વસ્તુઓનું જ્ઞાન થાય છે ? ત્યાં આપણા પોતાના જ તેજથી, જ્યોતિઓના જ્યોતિ એવા આત્માના પ્રકાશથી જ બધું જોઇ શકીએ છીએ. સૂર્ય, ચંદ્ર, અગ્નિ, દીપક કે હીરા જેવા રત્નોના પ્રકાશ કે ચળકાટ દેખાય છે તે આત્માના પ્રકાશનો એક તરંગ માત્ર છે. જાગ્રત અને સ્વપ્ન બન્ને એક સરખાં આત્માના પ્રકાશથી પ્રકાશિત થાય છે; આત્માના જ્ઞાનથી બધાંયનું જ્ઞાન થાય છે. આત્મપ્રકાશના મહા-સિંધુમાં સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર, તારામંડળ વગેરેના પ્રકાશો માત્ર તરંગ જેવા છે. એ બધા બીજાના પ્રકાશથી પ્રકાશિત થનારાં છે; તમારું પોતાનું સ્વરૂપ, તમે પોતે આત્મસ્વરૂપે વાસ્તવિક પ્રકાશ છો; સચ્ચિદાનંદ છો.

સ્વા. રા.

૯૮ પોતાને વિદ્વાન માનનારો મનુષ્ય જે વિષયનો સંકલ્પ કરીને વારંવાર કર્મો કરે છે, તેને ઉલટું ફળ મળે છે; અથવા ભાગ્યવશાત્ તેનું કર્મ નિષ્ફળ બને છે. કોઈપણ કર્મ કરનાર મનુષ્યનો સંકલ્પ સુખને પ્રાપ્ત કરવા માટે અને દુઃખથી છૂટવા માટે હોય છે, પણ ફળની ઈચ્છાથી કર્મ કરનાર પુરુષ દુઃખ જ પામે છે; જ્યારે ફલેચ્છાથી રહિત કર્મ કરનાર સુખી થાય છે. આ લોકમાં પુરુષ જેને માટે સકામ કર્મો કરીને કામનાઓ વધારે છે, તે શરીર તો પારકું તથા નાશવંત છે, જાય છે ને આવે છે, તો પછી સકામ કર્મ શા માટે કરવાં ?

ભા. પુ.

૯૯ ગામડાંમાં કુંભાર માટીનાં વાસણ બનાવવા માટે માટી ખોદીને, ગધેડા ઉપર લાદીને, ઘેર લાવે છે; પાણી નાંખીને પગથી ખૂંદે છે. ચાક ઉપર ચડાવીને ચક્કર ચક્કર ફેરવે છે; વાસણનો ઘાટ થયા પછી એને પાતળું અને સફાઇદાર બનાવવા માટે એક હાથમાં અંદર કાંઇ આધાર રાખીને બીજા હાથથી બહાર ટપલા વડે ટીપીને સુંદર આકાર બનાવે છે. એવી જ રીતે મનુષ્યને વ્યવહારમાં બહારથી ટપલારૂપી દુઃખ પડે છે; અંદરના આધારરૂપ મનમાં કલ્પિત સુખ હોય છે. સુખદુઃખના મિશ્ર ટપલાથી જીવન ઘડાય છે. ઇશ્વરનો હેતુ તમને આઘાત–પ્રત્યાઘાત જેવા દ્વંદ્વોના પ્રહાર કરીને પોતાના તરફ વાળવાનો છે. જ્યાં સુધી તમે ઇશ્વરનો સાક્ષાત્કાર નહિ કરો ત્યાં સુધી અહંકાર-રૂપી ગધેડા ઉપર માયા ચડાવશે, દુઃખના પ્રહારથી ખૂંદશે અને જન્મમૃત્યુના ટપલા માર્યા જ કરશે.

વિ. ભ.

૧૦૦ જીવનવ્યવહારમાં સહજ સ્વભાવે આવી પડતાં આપત્તિ, વિરોધ, ત્રાસ, વ્યાધિ કે મૃત્યુ વગેરેનાં નામ સાંભળીને જ જેના પ્રાણ સ્તંભી જાય, મુખ સુકાઇ જાય, ચહેરો બાહુક જેવો બની જાય, ચિત્ત સ્તબ્ધ, મૂઢ કે જડ જેવું થઇ જાય, એવા પામર અને વિષયી મનુષ્યોએ ઇશ્વરભીરુ બનીને પ્રથમ પ્રાપ્ત વ્યવહારમાં ધર્મ અને નીતિવડે કઠોર કષ્ટ વેઠીને પણ સંયમી અને સદાચારી બનવું જોઇએ. તપશ્ચર્યા, તિતિક્ષા અને સ્વાર્થત્યાગ વિના જેઓ ઇશ્વરદર્શન કે આત્મસાક્ષાત્કાર કરવાના મનોમોદક સેવે છે; બાહ્ય ત્યાગના ઓઠા નીચે વિરક્ત, ભક્ત કે જ્ઞાની બનવાનો સ્વાંગ સજે છે, સુંદર કીર્તિવન્તા મહાત્માઓ બને છે, પણ એ બધા એમના બહુરૂપીના ખેલ છે. પરમાત્મા ગમે તે રૂપમાં એમને ઓળખી કહાડે છે અને પરિણામે એવા દુઃખનરકના ખાડામાં ધકેલી મૂકે છે કે જે ભયથી નાસી છૂટયા હતા એનાથી હજારગણાં દુઃખ અને શોકસાગરમાં તે ફેંકાઈ જાય છે. અન્તર્યામી સ્વરૂપ પરમાત્મા કોઇના બાહ્ય દંભથી ઠગાતો નથી.

વિ. ભ.

૧૦૧ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર જેવા પ્રબળ ચોકીદારો જીવને તેના પ્રગતિના માર્ગે જતો રોકનાર પ્રબળ શત્રુઓ છે. અજ્ઞાન સ્વરૂપ માયા પોતાની પકડમાંથી જીવ છટકી ના શકે તે સારુ, આવા પ્રબળ શકિતશાળી ચોકીદારોને મૂકી નચિંત બનેલી છે અને સંસારના જીવો ઉપર પોતાનું પ્રભુત્વ જમાવી સામ્રાજ્ય ભોગવે છે.

જેમનું અંઃતકરણ પવિત્ર છે તે સહેલાઇથી સંતોષી અને સુખી થશે. તું આત્મસ્વરૂપ પ્રશંસાપાત્ર થવાથી અધિક પવિત્ર અને નિન્દિત થવાથી વિશેષ અધમ નથી બની જતો. જે તું છે તે છે, અને જે કંઇ ઇશ્વરની દૃષ્ટિમાં તું છે, તેનાથી વધારે અન્ય મનુષ્યના કથનથી વધી ઘટી જવાતું નથી.

વિ. ભ.

૧૦૨ જેને સહજ જ્ઞાન થાય છે, તેને નામસ્મરણ પણ સહજ બને છે. પરન્તુ ભક્તિ વિના જ્ઞાન કે નામ-સ્મરણ એકેય સંભવતું નથી. શરણાગતિ વિના ભક્તિ નથી; સદ્ગુરુ વિના શરણાગતિ નથી, મુમુક્ષુત્વ વિના સદ્ગુરુશરણ નથી. હું કોણ, ઈશ્વર કોણ, જગત શું એ જાણીને સ્વરૂપજ્ઞાન મેળવવાની તીવ્ર ઈચ્છા વિના મુમુક્ષુત્વ નથી; વૈરાગ્ય વિના તીવ્ર ઈચ્છા નથી; પશ્ચાત્તાપ વિના વૈરાગ્ય નથી; વિષયોનો તિરસ્કાર થયા વિના પશ્ચાત્તાપ નથી; ત્રિવિધતાપની બળતરા વેઠયા વિના વિષયભોગનો તિરસ્કાર નથી; આ બધી સ્થિતિમાંથી આપણી મનોદશા કેવી છે એનો વિચાર કરવાથી જ "હે ભગવાન! હું તારો છું અને તું મારો છે" એવું બોલવાનો અધિકાર આવે છે. ભગવાનની ઓળખાણ નહિ, પોતાનું જ્ઞાન નહિ, અને ભગવાનનો હું ભક્ત છું, ભગવાન મારા ઉપર કૃપા કરીને સાક્ષાત્કાર કરાવશે, હું મુક્ત થઈશ, એવાં અનુમાન બાંધવાનો અર્થ શો? ભગવાન કહેશે કે તને ફુરસદે ભજન કરવાની ટેવ છે, તો મને પણ ફુરસદે સાંભળ-વાની ટેવ છે!

બિ. ભ.

૧૦૩ " અવિદ્યા સ્વરૂપ વનમાં આ જીવાત્મા હું જન્મ્યો, હું મરી જઈશ, હું મરણશીલ છું વગેરે દુઃખચક્રમાં દુઃખો ભોગવે છે; એ જીવચૈતન્યની દયા ખાઇને શ્રી ગુરુદેવ દોડી આવે છે. માયારૂપ મસ્તકુંજરનો નાશ કરીને મુક્ત-મોતીનું પકવાન્ન બનાવીને ભોજન કરાવે છે, એવા ગુરુદેવને હું નમન કરું છું. સદ્ગુરુની લવ માત્ર દૃષ્ટિથી બંધ મોક્ષરૂપ બની જાય છે અને જ્ઞાતાનું સ્વરૂપજ્ઞાન ખોવાઇ ગયું હતું, તે જેની પાસે જાય તેને તેનું પોતાનું જ્ઞાન મળી જાય છે. સદ્ગુરુને ત્યાં કૈવલ્યસ્વરૂપ સુવર્ણદાનમાં નાનામોટાની ભેદદૃષ્ટિ નથી. દૃષ્ટા અને દૃશ્ય વચ્ચેના જે ભેદભાવ દર્શનથી થયા છે, એ દર્શનનો જ સદ્ગુરુ નાશ કરે છે; જે સામર્થ્યના પ્રભાવથી શિવત્વનું મહત્વ પૂરું થાય છે અને જીવાત્માને પોતાના સચ્ચિદાનન્દ સ્વરૂપના દર્શન માટે સદ્ગુરુ દર્પણ બને છે. જ્ઞાન સ્વરૂપ ચંદ્રમાની કલાઓ આમતેમ છૂટી થઇ ગઇ હતી તે શ્રી સદ્ગુરુની કૃપારૂપ પૂર્ણિમાના યોગથી એકત્રિત થઇ જાય છે "

અ. અ.

૧૦૪ "જે માણસ તત્વને નહિ જાણનારા અને જેનું વચન સ્વીકારવા યોગ્ય ન હોય એવા માણસને પૂછે છે તેના જેવો બીજો કોઈ પણ મહામૂઢ નથી. જે પ્રમાણિક અને આત્મવેત્તા વકતા પુરુષ પૂછ્યા પછી કહેતો હોય તેના વચન પ્રમાણે જે માણસ યત્નપૂર્વક ચાલે નહિ, તેના જેવો અધમ બીજો કોઇ નથી. જે માણસ પ્રથમ, વકતાના વ્યવહાર ઉપરથી 'તે વકતા તત્વને જાણે છે કે નહિ' એવો નિશ્ચય કરીને પછી તેને પૂછે તે પૂછનાર માણસને મોટી બુદ્ધિવાળો જાણવો. જે મૂર્ખ માણસ વકતાની પરીક્ષા કર્યા વિના તેને પૂછે છે તે માણસ અધમ કહેવાય છે અને તેને તત્ત્વજ્ઞાનરૂપ મોટો પદાર્થ પણ મળતો નથી. જે માણસ કહેલી વાતનો અને ન કહેલી વાતનો પણ વિવેચનપૂર્વક નિશ્ચય કરવાને સમર્થ બુદ્ધિવાળો હોય અને અનિંદિત હોય, તેને જ તત્ત્વવેત્તાએ પ્રશ્નનો ઉત્તર આપવો જોઇએ, પણ અધમ અને પશુ જેવો હોય તેને ઉત્તર આપવો નહિ. પૂછનાર માણસના પ્રમાણસિદ્ધ વિષયને 'યોગ્ય છે કે નહિ' એવો વિચાર કર્યા વિના જે વકતા પુરુષ તેને ઉત્તર આપે તેને વિદ્વાન પુરુષો અત્યંત મૂઢ કહે છે

યો. વા.

૧૦૫ આત્મજ્ઞાનની પાઠશાળામાં, એના વિદ્યાલયોમાં રૂપીઆ ટકાની ફી નથી; એમાં પ્રવેશ ફી, વાર્ષિક ફી, પરીક્ષા ફી નથી; અસંખ્ય વિધિ ધનભંડાર આપીને પણ માસ્તર કે પ્રોફેસર પાસેથી શીખી શકાય એવી એ વિદ્યા નથી અને શીખ્યા પછી પ્રમાણપત્ર કે એવાં કશાં માનપાનનાં સુવર્ણપદક નથી. ત્યાં તારે આપવું પડશે તારા અહંકારનું સંપૂર્ણ બલિદાન. ભગવાન કહે છે કે પ્રણિપાત કરી નાંખ; પડી જા એમના ચરણ શરણમાં–પૂરેપૂરો નિપાત કર; બુદ્ધિની હાર કબૂલ; મનની તારી માનવકલ્પના છોડ; ચિત્તની તારી સાંસારિક સ્મૃતિઓને બાળી મૂક; અહંકારની તારી અહંભાવનાને ઘોળીઘોળીને પી જા; અને હું કશું જાણતો નથી, મારું જ્ઞાન તો બધું અજ્ઞાન જ છે, એવી પોતાપણાની હતા નહોતાની ભાવના વડે, દંડવત્ પ્રણામ કરીને સીધી સૂકી લાકડીની પેઠે બ્રહ્મવિદ્‌ના ચરણમાં સૂઇ જા, શાન્ત અને મૂકભાવે. એ છે પ્રણિપાતની શરત.

સા. જયો.

૧૦૬ વિકટ છે આ માર્ગ, જિજ્ઞાસુ! ખરેખર વિકટ છે! દેવદારૂ કે મણિમય મૂર્તિનાં પૂજા આરાધન કરી કરીને તેં એમનાં દર્શન કર્યાં હશે. સંસારમાં તારે માટે એ મૂર્તિ દ્વારા અનેક ચમત્કારો બન્યા હશે; અને સંસાર સત્ય છે, ભગવાને મારાં આ કામ કર્યાં, પેલાં કરશે, એવી સકામ ભાવના વધારી હશે. પણ ડગલે ને પગલે તારા માનવ સુલભ દૂષિત સ્વભાવનાં ખોડખાંપણ જુએ–તપાસે, વિના સંકોચે અને નિઃસ્વાર્થ-ભાવે તારાં દૂષણો કહી સંભળાવે; તારી દુર્બળતાના કંટકોને વીણીવીણીને ખેંચી કાઢવાનું કરે, તારો સંસાર મોહ છોડાવે, તારી ગંધાતી વાસનાઓના મેલને ધૂએ, તારા દેહાભિમાનના ચૂરેચૂરા થાય એવા તારા અહંકાર પર વજ્રપ્રહાર કરે, અને એટલા એટલા કઠોર થતાં પણ પ્રેમથી તને આત્મામૃત પાય, માતાના વાત્સલ્યથી પણ વિશેષ મમતાથી તને પોતાના ભાવભર્યા બ્રાહ્મીહૃદયમાં સ્થાન આપી શીતલ શાંતિનો અનુભવ કરાવે, એવી બ્રહ્મવિદ્ મૂર્તિની તેં ઉપાસના કરી જોઈ છે કદી?

સા. જ્યો.

૧૦૭ પહેલાં હૃદયમન્દિરમાં પરમાત્માની પ્રતિષ્ઠા કરો, એ સચ્ચિદાનંદઘન આત્મસ્વરૂપનો અનુભવ કરો, ત્યાર પછી ઉપદેશ આપો, કથા કરો, વ્યાખ્યાન સંભળાવો ઇચ્છામાં આવે તે કરો પણ તે પહેલાં કદી નહીં. લોકસમાજ એક બાજુ સંસારના કીચડકાદવમાં રગદોળાઈ રહ્યો છે ત્યારે બીજી બાજુ શાબ્દિક બ્રહ્મની ખીચડી ખદબદે છે, પણ વિવેકવૈરાગ્યની જ્યાં ગંધ પણ નથી, ત્યાં કેવળ બ્રહ્મ-બ્રહ્મનો બકવાદ કરવાથી શું લાભ થવાનો હશે? મંદિરમાં દેવતાની સ્થાપના તો કરી નથી અને બહાર ઊભા ઊભા શંખ ફૂંકીને ગર્જના કરવાનો શો અર્થ?

રા. ૫.

૧

૧૦૮ આત્મજ્ઞાનના ઉપદેશશ્રવણ માટેનાં મુમુક્ષુનાં દસ લક્ષણો:—

(૧) એ જ્ઞાન મોક્ષના સાધનરૂપ હોવું જોઈએ.

(૨) અનિત્ય સાધન–સાધ્યમાંથી મુમુક્ષુ વિરકત હોવો જોઇએ.

(૩) પુત્ર, ધન તથા કીર્તિની વાસનાથી મુકત થવો જોઇએ,

(૪) પરમહંસ પરિવ્રાજક બ્રહ્મવિદ્‌નું શરણ લેવું જોઇએ.

(૫) શમ, દમ તથા દયાવાન હોવો જોઈએ.

(૬) વિશુદ્ધ, પવિત્ર ચારિત્ર્યવાન હોવો જોઈએ.

(૭) બ્રાહ્મણ એટલે ત્રિવર્ણી દ્વિજ હોવો જોઈએ.

(૮) વિધિ પ્રમાણે શરણે આવેલો જોઇએ.

(૯) શિષ્ય હોવો જોઇએ.

(૧૦) જાતિ, કર્મ, આચરણ, વિદ્યા તથા કુલની પરીક્ષાદ્વારા અધિકારી બનેલો જોઈએ.

ઉ. સા.

૧૦

૧૦૮